શ્રી વીતરાગાય નમઃ



# ઉપ્પનેઈવા
# વિગમેઈવા
# ધુવેઈવા

## ગુરુપ્રાણ આગમ બત્રીસી આધારિત પરિચય પુસ્તિકા

૨૭

# શ્રી અનુયોગદ્વાર સૂત્ર


આશીર્વાદ

તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા.

રાષ્ટ્રસંત પૂ. પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા.

પૂ. શ્રી મુક્ત-લીલમ ગુરુણીદેવા

ગુરુણીશ્રી પૂ. વીરમતીબાઈ મ.

આલેખન

- ડૉ. સાધ્વી આરતી

- સાધ્વી સુબોધિકા

# અનંત ઉપકારી તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ
# શ્રી રતિલાલજી મહારાજ સાહેબ

25th
પુણ્યસ્મૃતિ
ઉપલક્ષ

25th
પુણ્યસ્મૃતિ
ઉપલક્ષ

અહો ગુરુદેવ!

આપની આજ્ઞા સહ પરમ કૃપાએ

સાકાર પામેલી ગુરુ પ્રાણ

આગમ બત્રીસી આધારિત

આગમ પરિચય પુસ્તિકાઓ કૃતજ્ઞભાવે

આપના કરકમલમાં અર્પણ... **સમર્પણ...**

# શ્રી અનુયોગદ્વાર સૂત્ર

ચાર મૂળ સૂત્રમાં શ્રી અનુયોગદ્વાર સૂત્ર ચોથું મૂળ સૂત્ર છે. તે સર્વ આગમોને સમજવાની **'માસ્ટર ચાવી'** રૂપ છે. આ સૂત્રના રચયિતા નવ પૂર્વધર આચાર્યશ્રી આર્યરક્ષિત મુનિ છે.

**અનુયોગ :–** શબ્દનું અર્થ સાથે યોગ–જોડાણ કરવું અથવા સૂત્રની સાથે અનુકૂળ, અનુરૂપ અથવા સુસંગત અર્થનો સંયોગ કરવો, તે અનુયોગ કહેવાય છે. તેના મુખ્ય ચાર પ્રકાર છે. (૧) દ્રવ્યાનુયોગ, (૨) ચરણકરણાનુયોગ, (૩) ગણિતાનુયોગ અને (૪) ધર્મકથાનુયોગ.

**દ્રવ્યાનુયોગ** - દ્રવ્યનો દ્રવ્ય સાથે, દ્રવ્યનો ગુણ સાથે કે દ્રવ્યનો પર્યાય સાથે સંબંધ સ્થાપિત કરવો, તે દ્રવ્યાનુયોગ છે. જીવાદિ દ્રવ્યો, નવ તત્વ, વગેરે તાત્ત્વિક વિષયોના વર્ણનને દ્રવ્યાનુયોગ કહે છે. **ચરણકરણાનુયોગ**–સાધુ અથવા શ્રાવકોના આચાર, વિચાર, તેમના વ્રત–નિયમો, તેના વિધિ–નિષેધ અથવા તેની પરિપક્વતા માટેના ઉપાયો વગેરે આચારશુદ્ધિ, આચારવૃદ્ધિ કે આચાર પુષ્ટિનું કથન કરવું, તેને ચરણકરણાનુયોગ કહે છે. **ગણિતાનુયોગ**– ગણિતના માધ્યમથી વિષય સ્પષ્ટ કરવો, તે ગણિતાનુયોગ

છે, જેમકે ચંદ્ર–સૂર્યના માંડલા, તેની સંખ્યા, કાલમાન, તેના આધારે થતાં યોગની ગણના, વિવિધ ક્ષેત્રો, કાલગણના વગેરે વિષયો ગણિતાનુયોગ પ્રધાન છે.

**ધર્મકથાનુયોગ**– સર્વજ્ઞ કથિત અહિંસા, સંયમ, તપ, ધર્મ–કર્મના સિદ્ધાંતો સમજાવવા માટે કહેવામાં આવતા દૃષ્ટાંતો તથા કથાનકો ધર્મકથાનુયોગ છે.

પ્રસ્તુત આગમમાં દ્રવ્યાનુયોગની પ્રધાનતા છે. તેમાં પાંચ જ્ઞાનથી મંગલાચરણ કર્યા પછી ચાર દ્વારના માધ્યમથી વિસ્તૃત વર્ણન છે.

**પાંચજ્ઞાન** : જેના દ્વારા વસ્તુ તત્ત્વનો બોધ થાય, તે જ્ઞાન છે. આત્મા સ્વયં જ્ઞાન સ્વરૂપ છે. આત્માનો જ્ઞાનગુણ અખંડ છે, તેમ છતાં જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમની તીવ્રતા, મંદતાના આધારે જ્ઞાનના પાંચ પ્રકાર છે.

**મતિજ્ઞાન** : પાંચ ઈન્દ્રિય અને મનની સહાયતાથી યોગ્ય દેશમાં રહેલા પદાર્થને જાણે, તે આભિનિબોધિક અથવા મતિજ્ઞાન છે.

**શ્રુતજ્ઞાન** : પાંચ ઈન્દ્રિય અને મનની સહાયતાથી મતિજ્ઞાનથી ગ્રહણ કરેલા અર્થની વિશેષ વિચારણા કરવી, તે શ્રુતજ્ઞાન છે અથવા શબ્દ સાંભળવાથી જે બોધ થાય, ઉપલક્ષણથી ગંધ સૂંઘવાથી, રૂપ જોવાથી આદિ પાંચે

ઈન્દ્રિયોના વિષય ગ્રહણથી જે બોધ થાય તે શ્રુતજ્ઞાન છે.

તીર્થંકર પ્રરૂપિત, ગણધર રચિત દ્વાદશાંગી-બાર અંગ સૂત્રો, તેના આધારે સ્થવિર ભગવંતો દ્વારા રચિત આગમ ગ્રંથો પણ શ્રુતજ્ઞાન રૂપે પ્રસિદ્ધ છે.

**અવધિજ્ઞાન :** ઈન્દ્રિય અને મનની સહાયતા વિના સાક્ષાત્ આત્માથી મર્યાદિત ક્ષેત્રમાં રહેલા રૂપી પદાર્થોનું જ્ઞાન થાય, તે અવધિજ્ઞાન છે.

**મનઃપર્યવજ્ઞાન :** સાક્ષાત્ આત્માથી અઢીદ્વીપક્ષેત્રમાં રહેલા સંજ્ઞી જીવોની મનની પર્યાયોને જાણે, તે મનઃપર્યવજ્ઞાન છે.

**કેવળજ્ઞાન :** ત્રણે લોકના ત્રણ કાલના સર્વ દ્રવ્યોની સર્વ પર્યાયોને એક સમય માત્રમાં જાણે, તે કેવળજ્ઞાન છે. પાંચ જ્ઞાનનું વિસ્તૃત વર્ણન નંદીસૂત્રમાં છે.

આ પાંચ જ્ઞાનમાં કેવળજ્ઞાન અખંડ જ્ઞાન છે, મતિજ્ઞાનાદિ ચાર ક્ષાયોપશમિક જ્ઞાન છે. પાંચ જ્ઞાનમાં ચાર જ્ઞાનનું આદાન-પ્રદાન થતું નથી. શ્રુતજ્ઞાનનું જ આદાન-પ્રદાન થાય છે, તેથી તેના જ ઉદ્દેશ, સમુદ્દેશ આદિનું કથન કરાય છે. શિષ્યને સૂત્ર-અર્થની વાંચના દેવી તે **ઉદ્દેશ.** બે, ત્રણવાર વાચના આપી સૂત્ર અને અર્થને પરિપકવ કરાવવા, શુદ્ધ કરાવવા, તે **સમુદ્દેશ.** વાચના પ્રાપ્ત શિષ્યને, બીજાને વાચના આપવા માટે અનુમતિ આપવી, તે

**અનુજ્ઞા.** સૂત્રના અર્થને વિસ્તારથી સમજાવવા, તે **અનુયોગ** છે. પ્રસ્તુતમાં આવશ્યકસૂત્રના અનુયોગનું કથન કરવું, તે જ પ્રતિપાદ્ય વિષય છે.

**આવશ્યક** – સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા આ ચતુર્વિધ સંઘને અવશ્ય કરવા યોગ્ય હોય, તે આવશ્યક છે. (૧) આત્માને ગુણોથી આવાસિત કરે તે અનુષ્ઠાન આવશ્યક છે. (૨) જે આરાધનાથી વેર–ઝેર, કષાયાદિ શત્રુઓ વશ થાય તે આવશ્યક છે. આ રીતે આવશ્યક શબ્દના ભિન્ન ભિન્ન અર્થો જ તેના સ્વરૂપને સ્પષ્ટ કરે.

આવશ્યકસૂત્ર એક શ્રુતસ્કંધરૂપ છે અને તેના છ અધ્યયન છે. ચાર નિક્ષેપની દૃષ્ટિએ તેની વિચારણા થાય છે. નામ આવશ્યક, સ્થાપના આવશ્યક, દ્રવ્ય આવશ્યક અને ભાવ આવશ્યક.

**નામ આવશ્યક :** કોઈ પણ વ્યકિત કે પદાર્થના ગુણાદિની અપેક્ષા રાખ્યા વિના તેનું નામ રાખવું, તે નામ નિક્ષેપ છે. કોઈ સજીવ કે અજીવ પદાર્થનું આવશ્યક એવું નામ રાખવું તે નામઆવશ્યક છે.

**સ્થાપના આવશ્યક :** ચોક્કસ વસ્તુ કે વ્યકિતના અભિપ્રાયથી સ્થાપના કરવામાં આવે, જેમ પ્રતિમામાં તીર્થંકરની સ્થાપના કરવી, તે સ્થાપના નિક્ષેપ છે. ભાવ

રહિત પદાર્થમાં 'આ આવશ્યક છે' તેવા અભિપ્રાયથી સ્થાપના કરવામાં આવે તે સ્થાપના આવશ્યક છે.

**દ્રવ્ય આવશ્યક :** જે અતીત અને અનાગત ભાવનું કારણ છે તે દ્રવ્ય છે. વિવક્ષિત પર્યાયનો જેણે અનુભવ કરી લીધો છે અથવા ભવિષ્યમાં કરવાના છે, તે વસ્તુની વર્તમાનમાં દ્રવ્ય રૂપે ગણના થાય છે. જે વ્યકિતએ ભૂતકાલમાં આવશ્યક રૂપ પરિણામનો અનુભવ કરી લીધો છે અથવા ભવિષ્યમાં કરવાના છે, તેવા આવશ્યકના ઉપયોગથી શૂન્ય સાધુના શરીરને દ્રવ્ય આવશ્યક કહે છે. તેના બે ભેદ છે. આગમતઃ દ્રવ્ય આવશ્યક અને નોઆગમતઃ દ્રવ્ય આવશ્યક. જે વ્યકિત આવશ્યકતા અર્થને જાણે છે પરંતુ વર્તમાનમાં તેના ઉપયોગથી રહિત હોય, તે આગમતઃ દ્રવ્ય આવશ્યક છે.

નોઆગમતઃ દ્રવ્ય આવશ્યકના ત્રણ ભેદ છે (૧) જ્ઞાયકશરીર નોઆગમતઃ દ્રવ્યાવશ્યક, (૨) ભવ્યશરીર નોઆગમતઃ દ્રવ્યાવશ્યક, (૩) તદ્વ્યતિરિકત નોઆગમતઃ દ્રવ્યાવશ્યક.

ભૂતકાલમાં જેણે આવશ્યકના અર્થને જાણ્યો હતો, તેવા જ્ઞાતાનું મૃત શરીર **જ્ઞાયકશરીર નોઆગમતઃ દ્રવ્યાવ્યશ્યક** છે. ભવિષ્યમાં આવશ્યકના અર્થને જાણશે તેવા બાળકનું શરીર **ભવ્યશરીર નોઆગમતઃ દ્રવ્યાવશ્યક** છે.

આ બે ભેદમાં ઉપયોગના અભાવની પ્રધાનતા છે. તદ્વ્યતિરિકત દ્રવ્યાવશ્યકમાં પ્રવૃત્તિની પ્રધાનતા છે. તેના ત્રણ ભેદ છે. લૌકિક, કુપ્રાવચનિક અને લોકોત્તરિક.

સંસારી લોકોની દંતપ્રક્ષાલન, સ્નાન, ભોજન આદિ આવશ્યક પ્રવૃત્તિઓ **લૌકિક નોઆગમતઃ દ્રવ્યાવશ્યક** છે. મોક્ષના કારણભૂત એવી સાધનાથી વિપરીત પ્રરૂપણા કરનારા મિથ્યાત્વીઓના આવશ્યક વિધિવિધાનો– સેવા પૂજા, ધૂપ, દીપ આદિ **કુપ્રાવચનિક નોઆગમતઃ આવશ્યક** છે. મોક્ષના કારણભૂત એવી સાધનાની ભાવરહિત આરાધના કરવી તે દ્રવ્યક્રિયાઓ **લોકોત્તરિક નોઆગમતઃ દ્રવ્યાવશ્યક** છે. સંક્ષેપમાં ભાવરહિત પ્રવૃત્તિઓ દ્રવ્યાવશ્યક છે.

**ભાવ આવશ્યક** : પદાર્થ પોતાના નામના શબ્દની અર્થક્રિયાથી યુક્ત હોય, તે ભાવનિક્ષેપ છે, યથા– પાણીને ધારણ કરવું તે ઘટની અર્થક્રિયા છે, ઘટ પાણીથી ભરેલો હોય, ત્યારે જ તેને ઘટ કહેવો, તે ભાવઘટ છે. તેવી રીતે આવશ્યકના જ્ઞાન અને ઉપયોગપૂર્વકની ક્રિયાથી યુક્ત હોય, તે ભાવઆવશ્યક છે. તેના બે ભેદ છે, **આગમતઃ ભાવઆવશ્યક, નોઆગમતઃ ભાવઆવશ્યક.** આવશ્યકના અર્થજ્ઞાન અને તેના ઉપયોગયુકત હોય, તે આગમતઃભાવઆવશ્યક છે. નોઆગમતઃ ભાવ આવશ્યકના

ત્રણ ભેદ છે, - લૌકિક, કુપ્રાવચનિક અને લોકોત્તરિક **ભાવાવશ્યક.**

લોકમાં ધર્મગ્રંથ રૂપે માન્ય રામાયણ, મહાભારત આદિ ગ્રંથોનું ભાવપૂર્વક વાંચન કરવું તે **લૌકિક નોઆગમતઃ ભાવઆવશ્યક** છે. યજ્ઞાદિ ક્રિયાઓ શ્રદ્ધા અને ભાવપૂર્વક કરવા તે **કુપ્રાવચનિક નોઆગમતઃ ભાવ આવશ્યક** છે અને મોક્ષસાધનામાં કારણભૂત, ચતુર્વિધ સંઘને અવશ્ય કરવા યોગ્ય આવશ્યકની આરાધના જ્ઞાન અને ઉપયોગપૂર્વક કરવી તે **લોકોત્તરિક નોઆગમતઃ ભાવઆવશ્યક** છે.

આવશ્યક સૂત્રના છ અધ્યયન છે. તે છએ અધ્યયન અને તેના અર્થાધિકાર આ પ્રમાણે છે -

(૧) **સામાયિક - સાવદ્યયોગવિરતિ.** હિંસા, અસત્ય આદિ પાપકારી પ્રવૃત્તિનો ત્યાગ કરવો તે સામાયિક છે.

(૨) **ચતુર્વિંશતિસ્તવ-ઉત્કીર્તન.** સંપૂર્ણ શુદ્ધદશાને પ્રાપ્ત થયેલા તીર્થંકરોના ગુણોનું ઉત્કીર્તન-સ્તુતિ, ભકિત કરવી.

(૩) **વંદના - ગુણવત્ પ્રતિપતિ.** મૂળગુણ અને ઉત્તરગુણના ધારક ગુણવાન શ્રમણોની પ્રતિપત્તિ એટલે તેમનું આદર–સન્માન કરવું.

(૪) **પ્રતિક્રમણ - સ્ખલિતનિંદા.** સંયમ સાધનામાં પ્રમાદથી થયેલી સ્ખલના–લાગેલા દોષોની નિંદા, ગર્હા કરી તેનાથી મુકત થવું.

(૫) **કાયોત્સર્ગ - વ્રણચિકિત્સા.** અતિચારજન્ય ભાવવ્રણ-ઘાની પ્રાયશ્ચિત્તરૂપ ઔષધોપચારથી ચિકિત્સા કરી. તેનું નિરાકરણ કરવું.

(૬) **પચ્ચક્ખાણ - ગુણધારણા.** પ્રાયશ્ચિત દ્વારા દોષોનું પ્રમાર્જન કરી ગુણોની નિર્દોષ ધારણા કરવી.

આવશ્યક શબ્દના વિવિધ પર્યાયવાચી શબ્દો છે.

(૧) **આવશ્યક** - ચતુર્વિધ સંઘને અવશ્ય કરવા યોગ્ય હોવાથી તે આવશ્યક કહેવાય છે.

(૨) **અવશ્યકરણીય** - મુમુક્ષુ સાધકો દ્વારા અવશ્ય આચરણીય હોવાથી અવશ્ય કરણીય છે.

(૩) **ધ્રુવનિગ્રહ** - કર્મ અને કર્મના ફળસ્વરૂપ આ સંસાર અનાદિકાલીન હોવાથી ધ્રુવ છે. આવશ્યકની આરાધનાથી તેનો નિગ્રહ થતો હોવાથી તે ધ્રુવનિગ્રહ કહેવાય છે.

(૪) **વિશોધિ** - તે આત્મવિશુદ્ધિનું કારણ હોવાથી વિશોધિ કહેવાય છે.

(૫) **અધ્યયનષટ્ક વર્ગ** - તેના છ અધ્યયન હોવાથી

અધ્યયનષટકવર્ગ છે.

(૬) **ન્યાય** - જીવ અને કર્મના અનાદિકાલીન સંબંધો આવશ્યકની આરાધનાથી અપનયન-પૃથક થાય છે, તે માટે તેને ન્યાય કહે છે.

(૭) **આરાધના** - મોક્ષ પ્રાપ્તિની આરાધના રૂપ હોવાથી આરાધના કહેવાય છે.

(૮) **માર્ગ** - માર્ગ એટલે ઉપાય-મોક્ષના ઉપાયભૂત હોવાથી તે માર્ગ કહેવાય છે.

આ રીતે ચારે નિક્ષેપ દ્વારા કોઈ પણ શબ્દના ચોક્કસ અર્થનો બોધ થાય છે. તે જ રીતે શ્રુત, સ્કંધ આદિનું સ્વરૂપ ચારે નિક્ષેપ દ્વારા જાણી શકાય છે.

આ આગમનો વર્ણ્ય વિષય 'આવશ્યકનો અનુયોગ' છે. આવશ્યકના અનુયોગનો પ્રારંભ તેના પ્રથમ સામાયિક અધ્યયનથી થાય છે. સામાયિકના અનુયોગનું કથન ચાર દ્વારથી થાય છે. ઉપક્રમ, નિક્ષેપ, અનુગમ અને નય.

**અનુયોગનું પ્રથમ દ્વાર ઉપક્રમ :-** વસ્તુને નિક્ષેપયોગ્ય બનાવવી તે ઉપક્રમ છે, તેના છ ભેદ છે. નામ ઉપક્રમ, સ્થાપના ઉપક્રમ, દ્રવ્ય ઉપક્રમ, ક્ષેત્ર ઉપક્રમ, ભાવ ઉપક્રમ.

નામ સ્થાપના આદિનું સ્વરૂપ પૂર્વવત્ જાણવું.

ક્ષેત્ર–ખેતર ખેડીને વાવણી યોગ્ય બનાવવું, તે ક્ષેત્ર ઉપક્રમ છે. ઘડી આદિ દ્વારા કાલનું જ્ઞાન પ્રાપ્ત કરવું તે કાલઉપક્રમ છે. અન્યના અભિપ્રાયનું જ્ઞાન પ્રાપ્ત કરવું તે ભાવ ઉપક્રમ છે.

ઉપક્રમના છ પ્રકાર અન્ય પ્રકારે પણ થાય છે. (૧) આનુપૂર્વી (૨) નામ (૩) પ્રમાણ (૪) વકતવ્યતા (૫) અર્થાધિકાર (૬) સમવતાર

ઉપક્રમનો પ્રથમ ભેદ આનુપૂર્વી છે. આનુપૂર્વી એટલે અનુક્રમ. વસ્તુના અનેક ભેદનું ક્રમશઃ વર્ણન કરવું. આનુપૂર્વીના દશ પ્રકાર છે. (૧) નામાનુપૂર્વી (૨) સ્થાપનાનુપૂર્વી (૩) દ્રવ્યાનુપૂર્વી (૪) ક્ષેત્રાનુપૂર્વી (૫) કાલાનુપૂર્વી (૬) ઉત્કીર્તનાનુપૂર્વી (૭) ગણનાનુપૂર્વી (૮) સંસ્થાનાનુપૂર્વી (૯) સમાચાર્યાનુપૂર્વી (૧૦) ભાવાનુપૂર્વી. નામ અને સ્થાપનાનુપૂર્વીનું સ્વરૂપ પૂર્વવત્ જાણવું.

દ્રવ્યાનુપૂર્વીના ત્રણ ભેદ છે. પૂર્વાનુપૂર્વી, પશ્ચાનુપૂર્વી, અનાનુપૂર્વી. ધર્માસ્તિકાય આદિ દ્રવ્યોનું ક્રમથી વર્ણન કરવું, તે પૂર્વાનુપૂર્વી છે. વિપરીત ક્રમથી વર્ણન કરવું અર્થાત્ અંતિમ ભેદથી કથનનો પ્રારંભ કરવો, તે પશ્ચાનુપૂર્વી છે. પૂર્વાનુપૂર્વી કે પશ્ચાનુપૂર્વીના ક્રમને છોડીને વચ્ચેના દ્રવ્યથી પ્રારંભ કરીને કોઈ પણ ક્રમથી કથન કરવું

તે અનાનુપૂર્વી છે.

અધોલોક, તિરછાલોક, ઊર્ધ્વલોક આદિ ક્ષેત્રનું ક્રમશઃ વર્ણન કરવું તે ક્ષેત્રાનુપૂર્વી, કાલના વિવિધ એકમોનું ક્રમશઃ કથન કરવું તે કાલાનુપૂર્વી છે. આ રીતે દરેક ભેદ જાણવા.

ઋષભ, અજીત, સંભવ, અભિનંદન આદિ નામનું ક્રમશઃ ઉચ્ચારણ કરવું તે ઉત્કીર્તનાનુપૂર્વી છે. એક, દશ, સો, હજાર, લાખ, કરોડ, આ રીતે ક્રમશઃ ગણના કરવી તે ગણનાનુપૂર્વી છે. સમચતુરસ્ર આદિ છ સંસ્થાનનું ક્રમશઃ વર્ણન કરવું તે સંસ્થાનાનુપૂર્વી છે. આવશ્યકી આદિ દશ સમાચારીનું ક્રમશઃ પ્રતિપાદન કરવું તે સમાચાર્યાનુપૂર્વી છે. ઔદયિકાદિ છ ભાવોનું ક્રમશઃ નિરૂપણ કરવું તે ભાવાનુપૂર્વી છે. આ દરેક અનુપૂર્વીના પૂર્વાનુપૂર્વી, પશ્ચાનુપૂર્વી અને અનાનુપૂર્વી રૂપ ત્રણ–ત્રણ ભેદ થાય છે.

**ઉપક્રમ દ્વારનો બીજો ભેદ નામ** - જીવ, અજીવ આદિ કોઈ પણ વસ્તુના વાચક શબ્દને નામ કહે છે, તેના એક નામ, બે નામ વગેરે દશ પ્રકાર છે.

**એક નામ** - જે એક નામથી જગતના સમસ્ત પદાર્થોનું કથન થઈ જાય, તે એક નામ છે, જેમ કે સત્ કહેતાં જગતના સમસ્ત પદાર્થોનું ગ્રહણ થઈ જાય છે. **બે નામ**-

તેના ત્રણ પ્રકાર છે. (૧) એકાક્ષરિક-અનેકાક્ષરિક. એક અક્ષરના શબ્દો ૐ, હ્રીં વગેરે એકાક્ષરિક છે. એકથી અધિક અક્ષરોથી બનેલા શબ્દો, કન્યા, લતા, વીણા વગેરે અનેકાક્ષરિક છે. (૨) જીવનામ-અજીવનામ - સજીવ વ્યકિતના નામ જીવનામ અને અજીવ પદાર્થોના નામ અજીવનામ કહેવાય છે. (૩) વિશેષિત નામ-અવિશેષિત નામ. કોઈપણ દ્રવ્યના ભેદ, તે વિશેષ નામ અને તેમાં અભેદની વિવક્ષા કરીએ, તો તે અવિશેષ નામ છે, જેમ કે અજીવ દ્રવ્ય અવિશેષ નામ છે, તો અજીવ દ્રવ્યના પાંચ ભેદ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને કાલ વિશેષ નામ છે. પુદ્ગલાસ્તિકાય અવિશેષ નામ છે. તેના ભેદ રૂપ સ્કંધ, દેશ, પ્રદેશ, પરમાણુ વિશેષ નામ છે.

**ત્રણ નામ :** જેના ત્રણ વિકલ્પ અથવા ત્રણ ભેદ હોય, તે ત્રિનામ છે. જેમ કે, (૧) દ્રવ્ય, ગુણ, પર્યાય (૨) સ્ત્રીલિંગ, પુરુષલિંગ, નપુંસકલિંગ.

જેના ચાર વિકલ્પ અથવા ચાર ભેદ હોય તે **ચાર નામ** છે. તે જ રીતે જેના પાંચ વિકલ્પ હોય તે **પાંચનામ** છે. જેના છ વિકલ્પ છે, તે છ નામ છે. છ ભાવ છ નામરૂપ છે. આત્માના પરિણામ રૂપ ભાવના છ પ્રકાર છે.

યથા- (૧) કર્મના ઉપશમજન્ય પરિણામોને ઔપશમિક ભાવ, (૨) કર્મના ક્ષયોપશમજન્ય પરિણામોને ક્ષાયોપશમિક ભાવ, (૩) કર્મના ક્ષયજન્ય પરિણામોને ક્ષાયિકભાવ, (૪) કર્મના ઉદયજન્ય પરિણામોને ઔદયિક ભાવ કહે છે. (૫) કર્મના ઉદય, ઉપશમ આદિની અપેક્ષા વિના સહજપણે જીવનું જે પરિણમન થાય, તે પારિણામિક ભાવ છે. જેમકે જીવનું જીવત્વ પારિણામિક ભાવ છે. (૬) બે કે બે થી અધિક ભાવોના સંયોગથી નિષ્પન્ન થતાં ભાવો સાન્નિપાતિકભાવ છે. જેમ કે મનુષ્યને કેવળજ્ઞાન પ્રાપ્ત થાય, તેમાં મનુષ્યપણુ કર્મનો ઉદયજન્ય ભાવ છે. અને કેવળજ્ઞાન ચાર ઘાતિકર્મના ક્ષયજન્યભાવ છે. આ બંને ભાવોનો સંયોગ થયો તે દ્વિકસંયોગી સાન્નિપાતિક ભાવ છે, તે રીતે ત્રિક સંયોગી, ચતુઃસંયોગી, પંચ સંયોગી સાન્નિપાતિક ભાવ પણ થાય છે.

જેના સાત વિકલ્પ અથવા ભેદ થાય તે **સાતનામ** છે. જેમ કે સ્વરના સાત પ્રકાર છે. ષડજ, ઋષભ, ગાંધાર, મધ્યમ, પંચમ, ધૈવત અને નિષાદસ્વર. પ્રત્યેક સ્વરની આગવી વિશેષતા હોય છે. સાતે સ્વરના ઉચ્ચારણ સ્થાન નિશ્ચિત હોય છે. જિહ્‌વાના અગ્રભાગથી ષડજસ્વર, વક્ષસ્થલથી ઋષભસ્વર, કંઠથી ગાંધારસ્વર, જિહવાના

મધ્યભાગથી મધ્યમસ્વર, નાસિકાથી પંચમસ્વર, દાંત અને હોઠના સંયોગથી ધૈવતસ્વર, ભ્રુકુટીયુકત મૂર્ધાથી નિષાદ સ્વરનું ઉચ્ચારણ થાય છે.

દરેક પશુ-પક્ષીના સ્વર ભિન્ન ભિન્ન હોય છે જેમકે, મયુર ષડજ સ્વરમાં, કુકડો ઋષભસ્વરમાં, હંસ ગાંધારસ્વરમાં, ગવેલક મધ્યમસ્વરમાં, કોયલ પંચમસ્વરમાં, સારસ અને કૌંચ પક્ષી ધૈવતસ્વરમાં અને હાથી નિષાદસ્વરમાં બોલે છે.

તે જ રીતે વાજિંત્રોના પણ ભિન્ન ભિન્ન સ્વર હોય છે. મૃદંગ ષડજસ્વર, ગોમુખી વાદ્ય ઋષભસ્વર, શંખ ગાંધારસ્વર, ઝાલર મધ્યમસ્વર, ગોધિકા પંચમસ્વર, નગારું ધૈવતસ્વર અને મહાભેરી નિષાદસ્વર રેલાવે છે. સાતે સ્વરના વિશિષ્ટ ફળ હોય છે. જેના આઠ વિકલ્પ હોય તે **આઠનામ** છે. વચનવિભકિતના આઠ પ્રકાર છે. જેમ કે, કર્તા માટે પ્રથમા વિભકિત, કર્મ અર્થમાં દ્વિતિયા વિભકિત, કરણ અર્થમાં તૃતીયાવિભકિત, સંપ્રદાન અર્થમાં ચતુર્થી વિભકિત, અપાદાન-છૂટા પડવાના અર્થમાં પંચમી વિભકિત, સ્વ-સ્વામિત્વ સંબંધ બતાવવા ષષ્ઠી વિભકિત, અધાર બતાવવા સાતમી વિભકિત અને સંબોધન અર્થમાં અષ્ટમી વિભકિતનો પ્રયોગ થાય છે. સંસ્કૃત, પ્રાકૃત આદિ

ભાષાવિજ્ઞાનમાં આઠે વિભકિતના ચોક્કસ પ્રયોગ થાય છે અને તે પ્રમાણે ભાષાપ્રયોગ થાય છે.

જેના નવ વિકલ્પ હોય તે **નવનામ** છે. રસના નવ પ્રકાર છે. અંતરાત્મામાં ઉત્પન્ન અનુભૂતિને રસ કહે છે. અથવા કાવ્ય આસ્વાદની ક્ષણોમાં વ્યકિત જે મસ્તીમાં લીન થાય, તે રસ છે. યથા–વીરરસ, શૃંગારરસ, અદ્‌ભૂતરસ, રૌદ્રરસ, લજ્જારસ, બીભત્સરસ, હાસ્યરસ, કરૂણરસ અને પ્રશાંતરસ.

જેના દશ વિકલ્પ હોય તે **દશનામ** છે. તેના દશ પ્રકાર છે. (૧) ગુણનિષ્પન્ન નામ- મૌન રાખે તે મુનિ (૨) ગુણ રહિત નામ- ધન ન હોય છતાં તેનું ધનવંત નામ રાખવું તે. (૩) આદાનપદનિષ્પન્ન નામ- પ્રારંભના પદથી કૃતિનું નામ આપવું. ભકતામર પ્રણત... સ્તુતિનું 'ભકતામરસ્તોત્ર' નામ રાખવું. (૪) પ્રતિપક્ષપદ નિષ્પન્ન નામ લાલ વર્ણ માટે લકતક શબ્દના બદલે અલકતક શબ્દનો પ્રયોગ કરવો. (૫) પ્રધાનપદ નિષ્પન્ન નામ– આમ્રવનમાં લીંબડાના ઝાડ હોવા છતાં આંબાની પ્રધાનતાથી આમ્રવન કહેવું. (૬) અનાદિ સિદ્ધાંત નિષ્પન્નનામ–અનાદિકાલીન નામ, જેમ કે, ધર્માસ્તિકાયાદિ (૭) નામ નિષ્પન્ન નામ–માતા, પિતા કે ગામના નામ

પરથી પુત્રનું નામ રાખવું. જનક રાજાની પુત્રી જાનકી. (૮) અવયવ નિષ્પન્ન નામ-વસ્તુના એક અવયવના આધારે તેનું નામ રાખવું. સિંહની કેશરાલના આધારે સિંહને કેશરી કહેવું. (૯) સંયોગનિષ્પન્ન નામ-વસ્તુ કે વ્યકિતના સંયોગથી નામ રાખવું. ગાયોના સંયોગથી ગોવાળ (૧૦) પ્રમાણ નિષ્પન્ન નામ- પદાર્થનું ચોક્કસ અર્થઘટન થાય, તે પ્રમાણે નામ રાખવું. કૃતિકા નક્ષત્રમાં જન્મેલા બાળકનું કાર્તિક નામ રાખવું.

**ઉપક્રમદ્વારનો ત્રીજો ભેદ પ્રમાણ** - જેના દ્વારા યથાર્થ જ્ઞાન થાય તે પ્રમાણ છે. તેના ચાર ભેદ છે. દ્રવ્ય પ્રમાણ, ક્ષેત્ર પ્રમાણ, કાલ પ્રમાણ, ભાવ પ્રમાણ.

**દ્રવ્ય પ્રમાણ :** દ્રવ્ય વિષયક યથાર્થ જ્ઞાનને દ્રવ્યપ્રમાણ કહે છે. તેના બે ભેદ છે, **પ્રદેશ નિષ્પન્ન દ્રવ્ય પ્રમાણ** અને **વિભાગ નિષ્પન્ન દ્રવ્યપ્રમાણ.** ધર્માસ્તિકાયના અસંખ્યાત પ્રદેશ છે. બે, ત્રણ, ચાર પરમાણુના સંયોગથી દ્વિપ્રદેશી આદિ સ્કંધ બને છે વગેરે પ્રદેશ નિષ્પન્ન દ્રવ્યપ્રમાણ છે. વિભાગ નિષ્પન્ન દ્રવ્યપ્રમાણના પાંચ પ્રકાર છે.

(૧) માન-તેલ વગેરે પ્રવાહી અથવા ધાન્યને માપવાનું પાત્ર વિશેષ. (૨) ઉન્માન- ત્રાજવાથી તોળાય તે. (૩) અવમાન-ક્ષેત્રને માપવાના દંડ, ગજ, માઈલ,

કિલોમીટર વગેરે. (૪) ગણિમ-એક, બે, ત્રણ એમ ગણી શકાય તે (૫) પ્રતિમાન-જેના દ્વારા સોનું, ચાંદી વગેરેનું માપ કરાય તે. આ પાંચમાંથી કોઈ પણ પ્રકારે પદાર્થોનું માપ કરવું, તે વિભાગનિષ્પન્ન દ્રવ્યપ્રમાણ છે.

**ક્ષેત્રપ્રમાણ :** ક્ષેત્રનો ચોક્કસ બોધ થાય તે ક્ષેત્રપ્રમાણ છે. તેના પણ બે ભેદ છે. એક પ્રદેશાવગાઢ, બે પ્રદેશાવગાઢથી અસંખ્યાત પ્રદેશાવગાઢ ક્ષેત્ર રૂપ પ્રમાણ પ્રદેશનિષ્પન્ન ક્ષેત્રપ્રમાણ છે. અંગુલ, વેંત, રત્ની, કુક્ષી, ધનુષ્ય, ગાઉ વગેરે વિભાગ દ્વારા ક્ષેત્રનું કથન કરવું તે વિભાગ નિષ્પન્ન ક્ષેત્રપ્રમાણ છે.

**અંગુલ :** ક્ષેત્રગણનાનો પ્રથમ એકમ અંગુલ છે. તેના ત્રણ પ્રકાર છે. આત્માંગુલ, ઉત્સેધાંગુલ અને પ્રમાણાંગુલ. પ્રત્યેક વ્યકિતના પોત-પોતાના અંગુલને આત્માંગુલ કહે છે.

આત્માંગુલના ત્રણ ભેદ છે. સૂચિઅંગુલ, પ્રતર અંગુલ અને ઘનાંગુલ. એક અંગુલ લાંબી અને એક પ્રદેશ પહોળી આકાશપ્રદેશની શ્રેણીને સૂચિઅંગુલ કહે છે. સૂચિઅંગુલને સૂચિઅંગુલથી ગુણતાં પ્રતર અંગુલ બને છે અને પ્રતર અંગુલને સૂચિ અંગુલથી ગુણતાં ઘનાંગુલ બને છે.

**ઉત્સેધાંગુલ :**

અનંતાનંત પરમાણુ = ૧ ઊર્ધ્વરેણુ (સૂક્ષ્મ રજ)

| | | |
|---|---|---|
| ૮ ઊર્ધ્વરેણુ | = | ૧ ત્રસ રેણુ |
| ૮ ત્રસ રેણુ | = | ૧ રથરેણુ |
| ૮ રથરેણુ | = | દેવકુરુ–ઉત્તરકુરુક્ષેત્રના યુગલિકનો વાલાગ્ર |
| ૮ દેવકુરુ મનુષ્યના વાલાગ્ર | = | ૧ હરિવર્ષ–રમ્યકવર્ષક્ષેત્રના યુગલિકનો વાલાગ્ર |
| ૮ હરિવર્ષ....મનુષ્યનાવાલાગ્ર | = | ૧ હેમવય–હિરણ્યવય ક્ષેત્રના યુગલિકનો વાલાગ્ર |
| ૮ હેમવય...મનુષ્યના વાલાગ્ર | = | ૧ મહાવિદેહક્ષેત્રના મનુષ્યના વાલાગ્ર |
| ૮ મહાવિદેહક્ષેત્રના મનુષ્યોના વાલાગ્ર | = | ૧ ભરત ઐરવતક્ષેત્રના મનુષ્યનો વાલાગ્ર |
| ૮ ભરત ક્ષેત્રના મનુષ્યના વાલાગ્ર | = | ૧ લીખ |
| ૮ લીખ | = | ૧ જૂં |
| ૮ જૂં | = | ૧ જવનો મધ્યભાગ |
| ૮ જવના મધ્યભાગ | = | ૧ ઉત્સેધ અંગુલ. |
| એક હજાર ઉત્સેધાંગુલ | = | એક પ્રમાણાંગુલ થાય છે. |

ઉત્સર્પિણીકાલ–અવસર્પિણીકાલના મનુષ્યોની અવગાહનામાં વધઘટ થતી રહે છે, તેથી આત્માંગુલનાં

પ્રમાણમાં વધઘટ થયા કરે છે પરંતુ ઉત્સેધાંગુલ અને પ્રમાણાંગુલનું પ્રમાણ નિશ્ચિત રહે છે, જેમ કે ૫૦૦ ધનુષ્યની અવગાહનાવાળા આદિનાથ પ્રભુનો આત્માંગુલ મોટો હોવાથી તેનો આત્માંગુલ અને પ્રમાણાંગુલ બંને સમાન હતા. ત્યાર પછી ક્રમશઃ અવગાહના ઘટતાં પ્રભુ મહાવીરનો આત્માંગુલ નાનો થતો ગયો અને તેમનો આત્માંગુલ ઉત્સેધાંગુલથી અર્ધો થઈ ગયો. દરેક કાલમાં ઉત્સેધાંગુલ અને પ્રમાણાંગુલનું માપ એક સમાન હોય છે.

લોકમાં ત્રણ પ્રકારના રૂપી પદાર્થો હોય છે, (૧) મનુષ્યકૃત, (૨) કર્મજન્ય, (૩) શાશ્વતા. તેમાં જે જે પદાર્થો મનુષ્યકૃત છે, યથા- દરેક કાળના ક્ષેત્ર, વસ્તુ, મકાન આદિનું માપ આત્માંગુલથી થાય છે. જે કર્મના ઉદયથી પ્રાપ્ત થાય છે, યથા-ચારે ગતિના જીવોને પ્રાપ્ત થતું શરીર, તેની અવગાહના ઉત્સેધાંગુલથી મપાય છે અને લોકના શાશ્વત ક્ષેત્રો નરક, નરકાવાસ, દ્વીપ, સમુદ્ર, દેવલોક આદિનું માપ પ્રમાણાંગુલથી થાય છે. **ક્ષેત્ર ગણના**

| | |
|---|---|
| ૬ અંગુલ = ૧ પાદ | ૨ હાથ = ૧ કુક્ષી |
| બે પાદ અથવા | ૨ કુક્ષી = ૧ ધનુષ્ય |
| ૧૨ અંગુલ = ૧ વેંત | ૨૦૦૦ ધનુષ્ય = ૧ ગાઉ |
| બે વેંત = ૧ હાથ | ૪ ગાઉ = ૧ યોજન થાય |

**કાલપ્રમાણ** – કાલનો ચોક્કસ બોધ થાય તે કાલપ્રમાણ છે. તેના પણ બે ભેદ છે. એક, બે સમયથી લઈને અસંખ્યાત સમયની સ્થિતિ પ્રદેશનિષ્પન્ન કાલપ્રમાણ છે. સમય, આવલિકા, મુહૂર્ત આદિ વિભાગ નિષ્પન્ન કાલપ્રમાણ છે. એક આંખના પલકારામાં અસંખ્યાત સમય વ્યતીત થાય છે.

વિભાગ નિષ્પન્ન કાલપ્રમાણના બે ભેદ છે – ગણનાકાલ અને ઉપમાકાલ

**ગણનાકાલ :**

| | |
|---|---|
| અસંખ્યાત સમય =૧ આવલિકા | ૩ ઋતુ = ૧ અયન |
| સંખ્યાત આવલિકા =૧ ઉચ્છ્વાસ | ૨ અયન = ૧ વર્ષ |
| સંખ્યાત આવલિકા =૧ નિઃશ્વાસ | ૫ વર્ષ = ૧ યુગ |
| ૧ ઉચ્છ્વાસ નિઃશ્વાસ=૧ પ્રાણ | ૨૦ યુગ = ૧૦૦ વર્ષ |
| ૭ પ્રાણ = ૧ સ્તોક | ૮૪ લાખ વર્ષ = ૧ પૂર્વાંગ |
| ૭ સ્તોક = ૧ લવ | ૮૪ લાખ પૂર્વાંગ = ૧ પૂર્વ |
| ૭૭ લવ = ૧ મુહૂર્ત | **એક પૂર્વ એટલે ૭૦૫૬૦** |
| ૩૦ મુહૂર્ત =૧ અહોરાત્ર | **અબજ વર્ષ થાય** |
| ૧૫ અહોરાત્ર = ૧ પક્ષ | **૭૦,૫૬૦,૦૦૦,૦૦૦,૦૦૦** |
| ૨ પક્ષ = ૧ માસ | **વર્ષ = ૧ પૂર્વ** |
| ૨ માસ = ૧ ઋતુ | ૮૪ લાખ પૂર્વ = ૧ ત્રુટિતાંગ |
| | ૮૪ લાખ ત્રુટિતાંગ = ૧ ત્રુટિત |

આ રીતે ક્રમશઃ ૮૪ લાખથી ગુણતાં ત્યાર પછીની રાશિ ક્રમશઃ પ્રાપ્ત થાય છે. અડડાંગ, અડડ, અવવાંગ, અવવ, હૂહૂકાંગ, હૂહૂક, ઉત્પલાંગ, ઉત્પલ. આ રીતે ગણના કરતાં ગણનાકાલની અંતિમ રાશિ શીર્ષપ્રહેલિકા છે. શીર્ષપ્રહેલિકામાં ૫૪ આંક અને ૧૪૦ શૂન્ય આવે છે.

ત્યાર પછીના કાલની ગણના ઉપમા દ્વારા થાય છે. તેથી તેને ઉપમાકાલ કહે છે.

**ઉપમાકાલ :** તેના બે ભેદ છે, **પલ્યોપમ અને સાગરોપમ.** પલ્ય-ખાડાની ઉપમાથી જે કાલની ગણના થાય, તે પલ્યોપમ છે. પલ્યોપમના ત્રણ પ્રકાર છે, **ઉદ્ધાર પલ્યોપમ, અદ્ધા પલ્યોપમ, ક્ષેત્ર પલ્યોપમ.**

તે ત્રણે પ્રકારના પલ્યોપમના વ્યવહાર અને સૂક્ષ્મ રૂપ બે-બે ભેદ છે. તેમાંથી વ્યવહારપલ્યોપમ સૂક્ષ્મને સમજાવવા માટે જ છે. તેનું અન્ય પ્રયોજન નથી. ઉત્સેધાંગુલથી એક યોજન લાંબો, પહોળો અને ઊંડો એક ખાડો કરીને તેમાં સાત દિવસના બાળકના વાળને ઠાંસી ઠાંસીને ભરવા, તે ખાડામાંથી સમયે સમયે એક વાળને કાઢતાં જેટલા સમયમાં તે પલ્ય-ખાડો સંપૂર્ણ ખાલી થઈ જાય તેટલા કાલને એક **વ્યવહાર ઉદ્ધાર પલ્યોપમ** કહે છે.

સાત દિવસના બાળકના વાળના અસંખ્યાત અસંખ્યાત ખંડ કરીને ભરવા. ત્યાર પછી સમયે સમયે એક એક વાળને કાઢતાં જેટલા સમયમાં તે પલ્ય-ખાડો સંપૂર્ણ ખાલી થાય, તેટલા કાલને એક **સૂક્ષ્મ ઉદ્ધારપલ્યોપમ** કહે છે. પચ્ચીસ ક્રોડાક્રોડી સૂક્ષ્મ ઉદ્ધારપલ્યોપમના સમય પ્રમાણ દ્વીપ-સમુદ્રો મધ્યલોકમાં છે.

ઉપરોકત પલ્યમાંથી સો સો વર્ષે એક એક વાળને કાઢતાં જેટલો સમય વ્યતીત થાય. તે કાલને એક **વ્યવહાર અદ્ધાપલ્યોયમ** છે અને વાળના અસંખ્ય-અસંખ્ય ખંડ કર્યા પછી સો-સો વર્ષે એક એક ખંડ કાઢતાં જેટલો કાલ વ્યતીત થાય તે એક **સૂક્ષ્મઅદ્ધાપલ્યોપમ** છે. ચારે ગતિના જીવોની સ્થિતિનું માપ સૂક્ષ્મઅદ્ધાપલ્યોપમથી થાય છે.

ઉપરોકત પલ્યમાં ભરેલા વાલાગ્રોએ જે આકાશ પ્રદેશને સ્પશર્યા છે. તે આકાશ પ્રદેશમાંથી સમયે-સમયે એક-એક આકાશ પ્રદેશને બહાર કાઢતાં જેટલો કાલ વ્યતીત થાય, એક **વ્યવહારક્ષેત્રપલ્યોપમ** છે. અને તે વાળના સૂક્ષ્મ ખંડ કરીને ભર્યા પછી તે વાળના ખંડ દ્વારા સ્પર્શેલા કે નહીં સ્પર્શેલા બંને અકાશ પ્રદેશોમાંથી સમયે સમયે એક આકાશ પ્રદેશને બહાર કાઢતાં જેટલો કાલ વ્યતીત થાય તે એક

**સૂક્ષ્મક્ષેત્રપલ્યોપમ** થાય છે. ક્ષેત્ર પલ્યોપમ દ્વારા જીવોના બદ્ધશરીર અને મુક્તશરીરની ગણના થાય છે.

સાગરોપમના પણ પલ્યોપમની જેમ જ ત્રણ ભેદ અને દરેકના બે–બે ભેદ થાય છે. દશ ક્રોડાક્રોડી પલ્યોપમ = એક સાગરોપમ થાય છે.

**ભાવપ્રમાણ :** સજીવ કે અજીવ વસ્તુના પરિણામને ભાવ કહે છે. સજીવના પરિણામ જ્ઞાનાદિરૂપ છે અને અજીવના પરિણામ વર્ણ, ગંધ આદિ રૂપ છે. આ રીતે વિદ્યમાન પદાર્થોના વર્ણાદિ પરિણામ અથવા જ્ઞાનાદિ પરિણામોનો બોધ જેના દ્વારા થાય તે ભાવ પ્રમાણ છે. તેના ત્રણ પ્રકાર છે. ગુણપ્રમાણ, નયપ્રમાણ અને સંખ્યા પ્રમાણ.

ગુણપ્રમાણના બે ભેદ છે - અજીવગુણ પ્રમાણ, જીવગુણ પ્રમાણ. પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ, આઠ સ્પર્શ અને પાંચ સંસ્થાન, અજીવગુણ પ્રમાણ છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, જીવ ગુણપ્રમાણ છે.

જ્ઞાન પ્રમાણના ચાર પ્રકાર છે - પ્રત્યક્ષ, અનુમાન, ઉપમા અને આગમ. પ્રત્યક્ષજ્ઞાનના ઈન્દ્રિયપ્રત્યક્ષ અને નોઈન્દ્રિય પ્રત્યક્ષ રૂપ બે ભેદ છે. શ્રોતેન્દ્રિય આદિ પાંચે ઈન્દ્રિય દ્વારા થતું જ્ઞાન

ઈન્દ્રિયપ્રત્યક્ષ છે. તેના પાંચ ઈન્દ્રિયની અપેક્ષાએ પાંચ ભેદ છે. ઈન્દ્રિયની સહાયતા વિના આત્માથી થતું જ્ઞાન નોઈન્દ્રિયપ્રત્યક્ષ છે. તેના અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાનરૂપ ત્રણ ભેદ છે.

સાધનથી સાધ્યનું, કારણથી કાર્યનું જ્ઞાન થાય, તે અનુમાનપ્રમાણ છે. જેમ વાદળ જોઈને વરસાદનું અનુમાન થાય તે અનુમાન પ્રમાણ. ઉપમા દ્વારા વસ્તુનો બોધ થાય, તે ઉપમા પ્રમાણ છે. તેનું મુખ કમળ જેવું છે. કમળની ઉપમાથી મુખની સૌંદર્યતાનો બોધ થાય છે. આપ્ત પુરુષોના વચનોને આગમ કહે છે. તેના દ્વારા થતો બોધ આગમ પ્રમાણ છે. આ ચાર પ્રકારમાંથી કોઈ પણ પ્રકારે વસ્તુનો વિશેષ બોધ થાય, તે જ્ઞાનપ્રમાણ છે.

**દર્શન પ્રમાણ :** વસ્તુનો સામાન્ય બોધ થવો તે દર્શન પ્રમાણ છે. તેના ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવળદર્શન રૂપ ચાર ભેદ છે.

**ચારિત્ર પ્રમાણ :** સ્વરૂપમાં, આત્મભાવમાં વિચરણ કરવું, આત્મભાવમાં સ્થિર થવું તે ચારિત્ર છે. તે અખંડ આત્મગુણ રૂપ છે. તેના ભેદ થતા નથી, પરંતુ ચારિત્ર મોહનીયકર્મના ક્ષયોપશમની વિચિત્રતાના કારણે ચારિત્રના ભેદ-પ્રભેદ

થાય છે. ચારિત્રના પાંચ પ્રકાર છે - સામાયિકચારિત્ર, છેદોપસ્થાપનીયચારિત્ર, પરિહારવિશુદ્ધચારિત્ર, સૂક્ષ્મ-સંપરાયચારિત્ર અને યથાખ્યાતચારિત્ર. ભગવતીસૂત્રમાં તેનું વિસ્તૃત વર્ણન છે.

**નયપ્રમાણ :** પ્રત્યેક પદાર્થ અનંત ધર્માત્મક છે. વસ્તુના અનંત ધર્મોમાંથી અન્ય ધર્મોને ગૌણ કરીને એક ધર્મની પ્રધાનતાથી કથન કરવું. તે નય છે. વસ્તુના અનંત ધર્મો હોવાથી નયના અનંત પ્રકાર થાય છે પરંતુ તેને સંક્ષિપ્ત કરીને નયના સાત પ્રકાર કહ્યા છે, યથા- નૈગમનય, સંગ્રહનય, વ્યવહારનય, ૠજુસૂત્રનય, શબ્દનય, સમભિરૂઢ નય, એવંભૂતનય.

**નૈગમનય :** જેને જાણવાની અનેક રીત છે તે નૈગમનય છે. તે સામાન્યને, વિશેષને, લોકરૂઢીને, લોકવ્યવહારને, સર્વને સ્વીકારે છે. તે સંકલ્પગ્રાહી છે. જે વસ્તુ વિચારમાં હોય, હજુ તે અસ્તિત્વમાં આવી ન હોય તેમ છતાં તેનો સ્વીકાર કરે, તે નૈગમનય છે. જેમ કે 'આજે મહાવીર જયંતિ છે.' ભગવાનનો જન્મ આજે થયો નથી. તેમ છતાં તથાપ્રકારનું કથન, તે લોકરૂઢી છે. બોમ્બે જવા માટે ઘેરથી પગ ઉપાડે ત્યારથી કહેવું કે 'હું બોમ્બે જાઉં છું. આ પ્રકારનો વ્યવહાર

નૈગમનય છે.

**સંગ્રહનય :** વસ્તુના સામાન્ય ધર્મોને, સમાનતાને સ્વીકારે તે સંગ્રહનય છે. જેમ કે સર્વ જીવો ચૈતન્યતત્ત્વની અપેક્ષાએ એક સમાન છે. સર્વ જીવોની અનંત પ્રકારની વિવિધતાને ગૌણ કરીને ચૈતન્યધર્મની અપેક્ષાએ સમાનતાની વિવક્ષા કરવી, તે સંગ્રહનય છે.

**વ્યવહારનય :** સંગ્રહનય દ્વારા સ્વીકૃત પદાર્થોમાં વિધિપૂર્વક ભેદ કરવા, તે વ્યવહારનય છે. જેમ કે સર્વ જીવો સમાન હોવા છતાં જીવના બે ભેદ છે, સિદ્ધ અને સંસારી. સંસારી જીવોમાં સંસારીપણું સમાન છે પણ વ્યવહારનય ભેદ કરશે કે સંસારી જીવોના બે ભેદ છે, ત્રસ અને સ્થાવર. આ રીતે વ્યવહારનય જયાં જયાં ભેદ કરે તેમાં સંગ્રહનય અભેદ કરે છે. જેમ કે, વ્યવહારનયના કથનાનુસાર દેવની ચાર જાતિ છે. સંગ્રહનયના કથનાનુસાર દેવની ચારે જાતિમાં દેવત્વ એક સમાન છે. સંગ્રહનય સામાન્યગ્રાહી છે, વ્યવહારનય વિશેષગ્રાહી છે.

**ઋજુસૂત્રનય :** વસ્તુની ભૂતકાલીન કે ભવિષ્યકાલીન પર્યાયને ગૌણ કરીને વર્તમાન પર્યાયનો જ સ્વીકાર કરવો. તે ઋજુસૂત્રનય છે. આ જીવ દૈવીસુખ ભોગવે છે. તેમાં તે

જીવના ભૂતકાલીન દુઃખની કોઈ વિવક્ષા નથી પરંતુ તેની વર્તમાન અવસ્થાનો જ સ્વીકાર છે.

**શબ્દનય :** વર્તમાનકાલીન અવસ્થામાં પણ કાલ, કારક, લિંગ આદિની અપેક્ષાએ ભેદ કરવા તે શબ્દનય છે. જેમ દારા અને કલત્ર, બન્ને શબ્દો સ્ત્રીવાચી છે. તેમાં દારા શબ્દ સ્ત્રીલિંગ છે. કલત્ર શબ્દ પુલિંગ છે, તેથી બંનેના અર્થમાં ભેદ છે આ નય શબ્દપ્રધાન છે.

**સમભિરૂઢનય :** વ્યુત્પત્તિના આધારે શબ્દના અર્થમાં ભેદ કરવો તે સમભિરૂઢનય છે. જેમ કે મુનિ, શ્રમણ, ભિક્ષુ વગેરે ત્રણ શબ્દો પુલિંગવાચી છે પરંતુ તે ત્રણેની વ્યુત્પિતિમાં ભેદ હોવાથી ત્રણેના અર્થમાં ભેદ થાય છે. મૌન રાખે તે મુનિ, આત્મશુદ્ધિ માટે પુરુષાર્થ કરે, તે શ્રમણ, ભિક્ષાચરીથી જીવનનિર્વાહ કરે તે ભિક્ષુ છે. આ રીતે શબ્દોની વ્યુત્પત્તિમાં ભેદ હોવાથી તેના અર્થમાં ભેદ થાય છે.

**એવંભૂત નય :** વ્યુત્પત્તિ અનુસાર અર્થ ઘટિત થતો હોય, ત્યારે જ તે વસ્તુ તે શબ્દથી વાચક થાય છે. મૌનમાં સ્થિત હોય ત્યારે જ મુનિ કહેવાય છે. પ્રવચન આપે ત્યારે તેને મુનિ કહી શકાય નહીં. આ રીતે પ્રત્યેક શબ્દનો અર્થ, તેના

વ્યુત્પત્તિ અનુસારના ભાવને પ્રગટ કરે છે.

સાતે નયનો વિષય ક્રમશઃ સૂક્ષ્મ, સૂક્ષ્મતર, સૂક્ષ્મતમ થાય છે. સાત નયમાંથી નૈગમ આદિ ચાર નય દ્રવ્યપ્રધાન છે અને શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત આ ત્રણ નય પર્યાય પ્રધાન અથવા શબ્દ પ્રધાન છે. સાતે નયના સ્વરૂપને વસતિના દૃષ્ટાંતે સમજી શકાય છે. જેમ કે કોઈ પૂછે કે તમે કયા રહો છો ? અશુદ્ધ નૈગમનયના મતાનુસાર જવાબ આપ્યો કે 'હું લોકમાં રહું છું.' લોકના ત્રણ ભેદ છે, ઊર્ધ્વલોક, અધોલોક, તિર્યગ્લોક.

શું તમે તે સર્વમાં રહો છો ? 'વિશુદ્ધ નૈગમનય અનુસાર તેણે જવાબ આપ્યો કે 'હું તિર્યગ્લોકમાં રહું છું.' તે રીતે ક્રમશઃ વિશુદ્ધતર, વિશુદ્ધતમ નૈગમનયથી જવાબ આપતા કહે છે કે હું તિર્યગ્લોકના અસંખ્ય દ્વીપ–સમુદ્રોમાંથી જંબૂદ્વીપના ભરતક્ષેત્રના પાટલીપુત્ર નગરના અમુક ઘરમાં નિવાસ કરું છું.

સંગ્રહનયના મતાનુસાર વસતિ–વસે છે, શબ્દનો પ્રયોગ ગર્ભગૃહ આદિમાં રહેવાના અર્થમાં ન કરી શકાય. વસવું અર્થાત્ નિવાસ કરવો. તે અર્થ સંસ્તારક–પથારીમાં હોય ત્યારે જ ઘટિત થાય છે. સંગ્રહનય સામાન્યગ્રાહી છે

તેના મતે કોઈ પણ સ્થાનમાં રહેલી બધી જ શય્યા એક જ છે, તેથી ગમે તે સ્થાનની શય્યા તેનું નિવાસસ્થાન કહેવાય.

વ્યવહારનયના મતાનુસાર જેનું જયાં નિવાસ સ્થાન હોય તે સ્થાનમાં જ તે વસે છે. પાટલીપુત્રમાં રહેનાર વ્યકિત જો અન્યત્ર જાય, તો તે પાટલીપુત્રના નિવાસી કહી શકાય નહીં. વાસ્તવમાં તેની વસવાની ક્રિયા પોતાના ચોક્કસ સ્થાનમાં જ થાય છે પરંતુ વ્યવહારથી કહેવાય કે હું પાટલીપુત્રમાં રહું છું.

ઋજુસૂત્રનય વર્તમાનગ્રાહી છે. તેથી જયારે જે વ્યકિત ઘરની તે શય્યાના જેટલા ભાગ ઉપર સ્થિત હોય તેટલામાં જ વસે છે તેમ કહી શકાય છે.

શબ્દ, સમભિરૂઢ અને એવંભૂતનયના મતાનુસાર પ્રત્યેક દ્રવ્ય સ્વરૂપમાં જ વસે છે, તેથી હું અમુક ગામમાં કે ઘરમાં રહું છું તથાપ્રકારનો શબ્દપ્રયોગ કરી શકાય નહીં. ગામ, ઘર કે આકાશદ્રવ્ય પરદ્રવ્ય છે. તેથી પ્રત્યેક વ્યકિત પોતાના આત્મસ્વભાવમાં સ્થિત હોય ત્યારે જ હું રહું છું તે પ્રમાણે કથન કરાય છે.

આ રીતે સાતે નયના એક ચોક્કસ દષ્ટિકોણ છે.

નયના મુખ્ય બે ભેદ પણ થાય છે. દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિક નય, દ્રવ્યની પ્રધાનતાનો સ્વીકાર કરનાર નૈગમ, સંગ્રહ અને વ્યવહારનય દ્રવ્યાર્થિકનય છે અને દ્રવ્યની ચોક્કસ એક પર્યાયની પ્રધાનતાનો સ્વીકાર કરતા ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂતનય પર્યાયાર્થિકનય છે. વસ્તુના અનંતધર્મોનું કથન એક સાથે થઈ શકતું નથી, હંમેશાં અનંતધર્મોની વિવક્ષા પણ હોતી નથી, જયારે જે ધર્મની વિવક્ષા હોય, ત્યારે અન્ય ધર્મોને ગૌણ કરીને, તે ધર્મની પ્રધાનતાથી કથન કરવું, તે નયનું પ્રયોજન છે, જેમ કે જયારે સંસારની કે સંબંધોની ક્ષણિકતાનું દર્શન કરાવવું હોય ત્યારે પયાર્યાર્થિકનયની અપેક્ષાએ કથન થાય કે આયુષ્ય ક્ષણિક છે અને જયારે આત્માની શાશ્વતતાનું દર્શન કરાવવું હોય ત્યારે દ્રવ્યાર્થિક નયથી કથન કરાય છે. આત્મા અજર અમર છે. આ રીતે પ્રસંગાનુસાર ચોક્કસ નયની અપેક્ષાએ જે વ્યવહાર થાય છે. આ જ જૈનદર્શનનો સ્યાદવાદ છે.

**સંખ્યાપ્રમાણ :** જેના દ્વારા ગણના થાય તેને સંખ્યા કહે છે. સંખ્યા રૂપ પ્રમાણને સંખ્યાપ્રમાણ કહે છે. તેના આઠ ભેદ

છે. નામ, સ્થાપના, દ્રવ્ય, ઔપમ્ય, પરિમાણ, જ્ઞાન, ગણના અને ભાવસંખ્યા.

**ગણના સંખ્યા :** પદાર્થોની ગણતરીને ગણના સંખ્યા કહે છે. ગણના સંખ્યામાં એકનો સમાવેશ થતો નથી. બે થી ગણનાનો પ્રારંભ થાય છે. ગણના સંખ્યાના ત્રણ પ્રકાર છે. સંખ્યાત, અસંખ્યાત અને અનંત. તેમાં સંખ્યાતના જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ આ ત્રણ ભેદ થાય છે. અસંખ્યાતના પરિતઅસંખ્યાત, યુકતઅસંખ્યાત અને અસંખ્યાત-અસંખ્યાત રૂપ ત્રણ ભેદ અને ત્રણેના જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ રૂપ ત્રણ-ત્રણ ભેદ કરતાં નવ ભેદ થાય છે. તે જ રીતે અનંતના પણ નવ ભેદ થાય છે.

**(૧) જઘન્ય સંખ્યાત :** બેનો આંક જઘન્ય સંખ્યાત છે. કારણ કે, ગણનાસંખ્યાનો પ્રારંભ બે થી થાય છે.

**(૨) મધ્યમ સંખ્યાત :** જઘન્યથી ઉત્કૃષ્ટ સંખ્યાતની વચ્ચેની સર્વ સંખ્યા મધ્યમ સંખ્યાત છે. જેમ કે - ૧૦૦ ઉત્કૃષ્ટ સંખ્યાત હોય તો ૩ થી ૯૯ સુધીની સર્વ સંખ્યા મધ્યમ સંખ્યાત છે.

**(૩) ઉત્કૃષ્ટ સંખ્યાત :** બે થી દસ, સો, હજાર, લાખ, ક્રોડ

વગેરે શીર્ષપ્રહેલિકા સુધીની રાશિનું કથન શબ્દથી થાય છે ત્યાર પછીની સંખ્યા ઉપમા દ્વારા સમજી શકાય છે. એક લાખ યોજન લાંબો-પહોળો અને એક હજાર યોજન ઊંડો હોય, તેવા ચાર પલ્ય-ખાડાની કલ્પના કરવી. તે પલ્યના નામ ક્રમશઃ આ પ્રમાણે છે - (૧) અનવસ્થિત (૨) શલાકા (૩) પ્રતિશલાકા (૪) મહાશલાકા.

એક હજાર યોજનની ઊંડાઈવાળો અનવસ્થિત પલ્ય તેની ૮$^{૧}/_{૨}$ યોજનની શિખા સહિત સરસવના દાણાથી છલોછલ ભરવો. તેમાંથી એક-એક સરસવ ઉપાડીને એક એક જંબૂદ્વીપ, લવણ સમુદ્ર આદિ દ્વીપ-સમુદ્રમાં ક્રમશઃ મૂકવા. આ રીતે એક એક સરસવ ઉપાડતાં અનવસ્થિત પલ્ય ખાલી થાય ત્યારે તેના સાક્ષીભૂત એક સરસવ શલાકાપલ્યમાં નાંખવો.

ત્યાર પછી જંબૂદ્વીપથી લઈને, અંતિમ સરસવનો દાણો જે દ્વીપ સમુદ્રમાં નાંખ્યો હોય, ત્યાં સુધીનો અર્થાત્ તેટલા લાંબા પહોળા અનવસ્થિત પલ્યની કલ્પના કરી, તેને સરસવથી છલોછલ ભરવો. ત્યાર પછીના દ્વીપ સમુદ્રમાં એક-એક સરસવ નાંખતા બીજા અનવસ્થિત પલ્યને ખાલી

કરવો, તેના સાક્ષીભૂત બીજો સરસવ શલાકામાં નાંખવો. આ રીતે અનવસ્થિત પલ્ય ઉત્તરોત્તર મોટો થતો જાય, ફરી ફરી તેને સરસવથી ભરી, ક્રમશઃ આગળ–આગળના દ્વીપ-સમુદ્રમાં નાંખતાં તે ખાલી થાય, તેના સાક્ષીભૂત એક-એક સરસવને શલાકામાં નાંખતા તે શલાકાને ભરવો.

શલાકાપલ્ય છલોછલ ભરાઈ જાય ત્યારપછી શલાકાપલ્યમાંથી એક-એક સરસવ લઈને આગળના દ્વીપ સમુદ્રમાં નાંખતા શલાકાને ખાલી કરવો અને તેના સાક્ષીભૂત એક સરસવ પ્રતિશલાકામાં નાંખવો. ત્યાર પછી પુનઃ અનવસ્થિત પલ્યને સરસવથી ભરવો, પૂર્વવત્ તેને ખાલી કરવો, તેના સાક્ષીભૂત એક સરસવ શલાકામાં નાંખવો. આ રીતે ક્રમશઃ શલાકા પલ્ય ભરવો. જયારે તે ભરાય જાય ત્યારે તેને ખાલી કરતાં, તેના સાક્ષીભૂત એક-એક સરસવ પ્રતિશલાકામાં નાંખતા ક્રમશઃ પ્રતિશલાકા પલ્ય પણ છલોછલ ભરવો. તે ભરાય જાય ત્યારે તેને આગળના દ્વીપ-સમુદ્રમાં એક એક સરસવ નાંખી ખાલી કરવો. તે ખાલી થાય ત્યારે એક સરસવ મહાશાલાકામાં નાંખવો. આ રીતે ક્રમશઃ પછીના પલ્યમાં એક-એક સરસવ નાંખતા અનવસ્થિતપલ્ય, શલાકાપલ્ય, પ્રતિશલાકાપલ્ય,

મહાશલાકાપલ્ય, આ ચારે પલ્ય ભરાય જાય છે. આ ચારે પલ્યના સરસવો અને જેટલા દ્વીપ-સમુદ્રોમાં સરસવના દાણા પડયા હોય છે, તે સર્વનો સરવાળો કરતાં, જે સંખ્યા પ્રાપ્ત થાય છે, તેમાં એક સરસવ અધિક નાંખતા જે સંખ્યા આવે તે ઉત્કૃષ્ટ સંખ્યાત છે.

**પરિતઅસંખ્યાત :** (૪) ઉત્કૃષ્ટ સંખ્યાતમાં એક ઉમેરતાં જે સંખ્યા આવે તે **જઘન્ય પરિતઅસંખ્યાત** છે. (૫) જઘન્ય અને ઉત્કૃષ્ટ પરિત અસંખ્યાતની વચ્ચેની સંખ્યા **મધ્યમ પરિતઅસંખ્યાત** છે. (૬) જઘન્ય પરિત અસંખ્યાતની રાશિનો અભ્યાસ કરતાં જે રાશિ આવે તેમાંથી એક ન્યુન કરતાં જે સંખ્યા આવે, તે **ઉત્કૃષ્ટ પરિતઅસંખ્યાત** છે.

ધારો કે ઉત્કૃષ્ટ સંખ્યા ચાર છે. તેમાં એક ઉમેરતાં પાંચ જઘન્ય પરિતઅસંખ્યાત છે. તેનો અભ્યાસ કરતાં અર્થાત્ ૫ × ૫ × ૫ × ૫ × ૫ = ૩૧૨૫ પાંચ સંખ્યાની અભ્યાસ રાશિ છે. તેમાંથી એક ન્યૂન કરતાં ૩૧૨૪ ની સંખ્યા ઉત્કૃષ્ટ પરિતઅસંખ્યાત છે. જઘન્ય અને ઉત્કૃષ્ટની વચ્ચેની રાશિ અર્થાત્ ૫ થી ૩૧૨૪ સુધીની રાશિ મધ્યમ પરિતઅસંખ્યાત છે.

**યુક્તઅસંખ્યાત :** (૭) ઉત્કૃષ્ટ પરિતઅસંખ્યાતમાં એક

ઉમેરતાં જે રાશિ આવે, તે **જઘન્ય યુક્તઅસંખ્યાત** છે. (૮) જઘન્ય અને ઉત્કૃષ્ટ યુક્ત અસંખ્યાતની વચ્ચેની રાશિ **મધ્યમ યુક્તઅસંખ્યાત** છે. (૯) જઘન્ય યુક્ત અસંખ્યાતની રાશિનો અભ્યાસ કરતાં જે રાશિ આવે તેમાંથી એક ઓછું કરતાં જે રાશિ આવે તે **ઉત્કૃષ્ટ યુક્તઅસંખ્યાત** છે.

**અસંખ્યાત-અસંખ્યાત :** (૧૦) ઉત્કૃષ્ટ યુકત અસંખ્યાતની રાશિમાં એક ઉમેરતા જે રાશિ આવે તે **જઘન્ય અસંખ્યાત -અસંખ્યાત** છે. (૧૧) જઘન્ય અને ઉત્કૃષ્ટ અસંખ્યાત-અસંખ્યાતની વચ્ચેની રાશિ **મધ્યમ અસંખ્યાત-અસંખ્યાત** છે. (૧૨) જઘન્ય અસંખ્યાત-અસંખ્યાત રાશિનો અભ્યાસ કરીને તેમાંથી એક ઓછું કરતાં જે રાશિ આવે તે **ઉત્કૃષ્ટ અસંખ્યાતઅસંખ્યાત** છે.

આ રીતે પરિતઅસંખ્યાત, યુક્તઅસંખ્યાત અને અસંખ્યાત-અસંખ્યાત, આ અસંખ્યાતની રાશિના ત્રણ ભેદ અને તે ત્રણેના જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ રૂપ ત્રણ-ત્રણ ભેદ, કુલ અસંખ્યાતના નવ ભેદ થાય છે, એક આવલિકાના અસંખ્યાત સમયો જઘન્ય યુક્તઅસંખ્યાત પ્રમાણ છે.

**પરિતઅનંત :** (૧૩) ઉત્કૃષ્ટ અસંખ્યાત-અસંખ્યાત રાશિમાં એક ઉમેરતાં જે રાશિ પ્રાપ્ત થાય, તે **જઘન્ય**

**પરિતઅનંત** છે. (૧૪) જઘન્ય અને ઉત્કૃષ્ટ પરિત અનંત રાશિની વચ્ચેની રાશિ **મધ્યમ પરિતઅનંત** છે. (૧૫) જઘન્ય પરિતઅનંતની રાશિનો અભ્યાસ કરતાં જે રાશિ પ્રાપ્ત થાય તેમાંથી એક ઓછું કરતાં ઉત્કૃષ્ટ **પરિતઅનંત** થાય છે.

**યુક્તઅનંત** : (૧૬) ઉત્કૃષ્ટ પરિતઅનંત રાશિમાં એક ઉમેરતાં જે રાશિ આવે તે **જઘન્ય યુકતઅનંત.** (૧૭) તેનો અભ્યાસ કરીને એક ઓછું કરતાં **ઉત્કૃષ્ટ યુક્તઅનંત** અને (૧૮) તે બંનેની વચ્ચેની રાશિ **મધ્યમ યુક્તઅનંત** છે.

**અનંતાનંત** : (૧૯) જઘન્ય યુક્તઅનંત રાશિનો અભ્યાસ કરતાં **જઘન્ય અનંતાનંત,** (૨૦) ત્યારપછી **મધ્યમ અનંતાનંત** છે. આગમોમાં ઉત્કૃષ્ટ અનંતાનંતનું કથન કર્યું નથી. કર્મગ્રંથાનુસાર જઘન્ય અનંતાનંત રાશિનો ત્રણવાર વર્ગ કરીને તેમાં સિદ્ધના જીવો, નિગોદના જીવો, વનસ્પતિકાયિકના જીવો, ત્રણે લોકના સમયો, સર્વ પુદ્‌ગલ દ્રવ્ય અને આકાશના પ્રદેશો, આ છએની અનંતરાશિને ઉમેરીને પુનઃ તે રાશિનો ત્રણ વાર વર્ગ કરવો અને તેમાં કેવળજ્ઞાન-કેવળદર્શનના અનંત પર્યાયો ઉમેરવાથી ઉત્કૃષ્ટ અનંતાનંતની રાશિ પ્રાપ્ત થાય છે. લોકમાં ઉત્કૃષ્ટ

અનંતાનંત પ્રમાણ કોઈ વસ્તુ નથી.

આ રીતે પરિતઅનંત, યુક્તઅનંત અને અનંતાનંત આ ત્રણ ભેદના જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ રૂપ ત્રણ ત્રણ ભેદ કરતાં નવ ભેદ થાય પરંતુ ઉત્કૃષ્ટ અનંતાનંત નથી તેથી અનંતના આઠ ભેદ થાય છે. અભવી જીવો જઘન્ય યુક્તઅનંત પ્રમાણ છે.

આ રીતે ગણના સંખ્યામાં સંખ્યાતના ત્રણ, અસંખ્યાતના નવ અને અનંતના આઠ ભેદ થતાં કુલ વીસ ભેદ થાય છે.

**ઉપક્રમનો ચોથો ભેદ વક્તવ્યતા :** અધ્યયન આદિના પ્રત્યેક શબ્દના અર્થનું યથાયોગ્ય વિવેચન કરવું, તે વકતવ્યતા છે. તેમાં સ્વ-પોતાના સિદ્ધાંતનું કથન કરવું, તે સ્વસમયવકતવ્યતા, અન્ય દાર્શનિકોના સિદ્ધાંતોનું કથન કરવું તે પરસમયવકતવ્યતા અને સ્વ-પર બંનેના સિદ્ધાંતોનું કથન કરવું તે સ્વ-પરસમયવકતવ્યતા છે.

**ઉપક્રમનો પાંચમો ભેદ અર્થાધિકાર :** જે અધ્યયનનો જે અર્થ હોય, તે તેનો અર્થાધિકાર છે. પ્રસ્તુત આગમમાં આવશ્યક સૂત્રના છ અધ્યયનનો વર્ણ્ય વિષય તેનો અર્થાધિકાર છે.

(૧) સામાયિક અધ્યયનનો અર્થાધિકાર સર્વ પાપપ્રવૃતિથી વિરામ પામવો, તે છે.
(૨) ચતુર્વિશતિસ્તવનો અર્થ ઉત્કીર્તન-તીર્થંકરોની, કેવળી ભગવાનની સ્તુતિ કરવી, તે છે.
(૩) વંદના અધ્યયનનો અર્થ ગુણવાન પુરુષોને સન્માન આપવું, તેમનો આદર કરવો, તે છે.
(૪) પ્રતિક્રમણ અધ્યયનનો અર્થ આચારમાં થયેલી સ્ખલનાઓની-અતિચારોની નિંદા કરવી, તે છે.
(૫) કાયોત્સર્ગ અધ્યયનનો અર્થ અતિચાર રૂપી ઘા-વ્રણની ચિકિત્સા કરીને તેની શુદ્ધિ કરવી, તે છે.
(૬) પ્રત્યાખ્યાન અધ્યયનનો અર્થ મૂળગુણ તથા ઉત્તરગુણોને અંતરમાં સ્થાપિત કરવા, ધારી રાખવા, તે છે.

આ રીતે છ એ અધ્યયનના ચોક્કસ અર્થ થાય છે.

**ઉપક્રમનો છટ્ઠો ભેદ સમવતાર** : સમવતાર એટલે સમાવિષ્ટ થવું. કઈ વસ્તુનો સમાવેશ કયા થાય છે તેનો વિચાર કરવો તે સમવતાર કહેવાય. નિશ્ચયનયથી સર્વ દ્રવ્ય પોતાના સ્વરૂપમાં-આત્મભાવમાં જ રહે છે. વ્યવહારનયથી વ્યકિત કે વસ્તુ ભિન્ન ભિન્ન આધારે રહે છે. જેમ કે, બોર

કૂંડામાં છે. દેવદત્ત ઘરમાં છે જંબૂદ્વીપ મધ્યલોકમાં છે, આવલિકાનો સમાવેશ મુહૂર્તમાં થાય છે. પલ્યોપમ અને સાગરોપમનો સમાવેશ ઉત્સર્પિણી– અવસર્પિણી કાલમાં થાય છે. ક્રોધાદિ ભાવોનો સમાવેશ ઔદયિકભાવમાં થાય છે. આ રીતે સમવતારના નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ આદિ ભેદ થાય છે.

**આવશ્યક સમવતાર** - ઉપક્રમ દ્વારના છ ભેદમાંથી પ્રથમ ભેદ અનુપૂર્વીના દશભેદમાંથી આવશ્યકનો સમવતાર- સમાવેશ ઉત્કીર્તનાનુપૂર્વી તથા ગણનાનુપૂર્વીમાં થાય છે. છ આવશ્યકના નામનું ઉચ્ચારણ કરવું તે ઉત્કીર્તનાનુપૂર્વી છે. આવશ્યકના છ અધ્યયનનું ક્રમથી કથન કરવું તે પૂર્વાનુપૂર્વી છે. વિપરીતે ક્રમથી કથન કરવું તે પશ્ચાનુપૂર્વી છે. ઉપક્રમ દ્વારના બીજા ભેદ નામના દશ પ્રકારમાંથી આવશ્યકનો સમાવેશ છ નામના ઔદાયિક આદિ છ ભાવમાંથી ક્ષાયોપશમિક ભાવમાં થાય છે. છ આવશ્યકની આરાધના ક્ષાયોપશમિક ભાવથી થાય છે. ઉપક્રમ દ્વારના ત્રીજા ભેદ પ્રમાણના ચાર પ્રકારમાંથી આવશ્યકનો સમાવેશ ભાવ–પ્રમાણમાં થાય છે. ભાવપ્રમાણમાં જીવગુણપ્રમાણ, અને તેમાં પણ જ્ઞાન, દર્શન, ચારિત્ર પ્રમાણમાં આવશ્યકનો

સમાવેશ થાય છે. આવશ્યકની આરાધનાથી આ ગુણો પ્રગટ થાય છે. ઉપક્રમ દ્વારના ચોથા ભેદ રૂપ વકતવ્યતાના ત્રણ ભેદમાંથી આવશ્યકનો સમાવેશ સ્વસમય વકતવ્યતામાં થાય છે. આ રીતે આવશ્યકતો સમવતાર વિવિધ રીતે થાય છે.

**અનુયોગનું બીજું દ્વાર નિક્ષેપ :** નિક્ષેપ-મુકવું. એક શબ્દના અનેક અર્થો થાય છે. તે અનેક અર્થોમાંથી અપ્રાસંગિક અર્થોનું નિરાકરણ કરીને પ્રાસંગિક ચોક્કસ અર્થમાં શબ્દને મૂકવો, સ્થાપિત કરવો, તે નિક્ષેપ છે. જેમ કે ઈન્દ્ર શબ્દના અનેક અર્થો થાય છે. કોઈ વ્યકિતનું નામ ઈન્દ્ર હોય. દેવોના અધિપતિને પણ ઈન્દ્ર કહેવાય. કોઈ કહે કે 'ઈન્દ્રને આ વસ્તુ આપો' ત્યારે દેવોના અધિપતિનો પ્રસંગ નથી પરંતુ ઈન્દ્ર નામ વાળી વ્યકિતને વસ્તુ આપવાનું કથન છે. 'આ કન્યા ઈન્દ્રની પૂજા કરે છે.' આ પ્રકારના કથનમાં ઈન્દ્ર નામની વ્યકિતની પૂજા નથી. પરંતુ ઈન્દ્રની પ્રતિમાની પૂજા થાય છે. આ રીતે શબ્દને પ્રસંગાનુસાર ચોક્કસ અર્થમાં સ્થાપિત કરવો. તે જ નિક્ષેપનું પ્રયોજન છે. નિક્ષેપના મુખ્ય ચાર ભેદ છે. નામનિક્ષેપ, સ્થાપનાનિક્ષેપ, દ્રવ્યનિક્ષેપ અને ભાવનિક્ષેપ. આ ચારે નિક્ષેપનું સ્વરૂપ 'સામાયિક' પદ દ્વારા સ્પષ્ટ કર્યું છે.

**નામનિક્ષેપ :** વસ્તુ કે વ્યક્તિ સાથે વ્યવહાર માટે તેના ચોક્કસ નિર્દેશ માટે જે શબ્દનો પ્રયોગ થાય તે નામ નિક્ષેપ છે. જેમ કે કોઈ વ્યકિતનું 'સામાયિક' નામ રાખવું તે **નામસામાયિક** છે.

**સ્થાપનાનિક્ષેપ :** કોઈ પદાર્થ આદિમાં 'આ સામાયિક છે' તેવી સ્થાપના કરવી, તે **સ્થાપનાસામાયિક** છે.

**દ્રવ્યનિક્ષેપ :** તેના બે ભેદ છે, **આગમતઃ દ્રવ્યનિક્ષેપ, નોઆગમતઃ દ્રવ્યનિક્ષેપ.** જે વ્યકિતએ સામાયિકના અર્થને જાણ્યો હતો. પરંતુ વર્તમાનમાં ઉપયોગ શૂન્ય છે તે **આગમતઃદ્રવ્યસામાયિક** છે. નોઆગમતઃદ્રવ્યસામાયિકના ત્રણ ભેદ છે, સામાયિકના અર્થના જ્ઞાતાનું મૃત શરીર **જ્ઞાયકશરીર–દ્રવ્યસામાયિક** છે. ભવિષ્યમાં સામાયિકના અર્થને જાણવાની યોગ્યતાવાળા બાળકનું શરીર **ભવ્યશરીર દ્રવ્યસામાયિક** છે અને પત્ર કે પુસ્તકમાં લિખિત સામાયિક સૂત્ર **તદ્વ્યતિરિકતદ્રવ્યસામાયિક** છે.

**ભાવનિક્ષેપ** - તેના બે ભેદ છે, **આગમતઃભાવનિક્ષેપ, નોઆગમતઃભાવનિક્ષેપ.** જે વ્યકિત સામાયિકના અર્થ-પરમાર્થના જ્ઞાતા તથા તેમાં ઉપયોગવાન હોય, તે **આગમતઃભાવ સામાયિક** છે. જેનો આત્મા સમભાવમાં તલ્લીન હોય, ત્રસ સ્થાવર, સર્વ જીવો પ્રતિ, સમભાવ

ધારણ કર્યો હોય, તેવા શુદ્ધ આચારવાન વ્યક્તિની સામાયિક **નોઆગમતઃભાવસામાયિક** છે.

**અનુયોગનું ત્રીજું દ્વાર અનુગમ :** અનુગમ એટલે સૂત્રને અનુકૂળ અર્થ કરવો. તેના બે ભેદ છે, **સૂત્રાનુગમ** અને **નિર્યુક્ત્યાનુગમ.** પદચ્છેદ કરીને સૂત્રનો અર્થ કરવો, તે સૂત્રાનુગમ છે, જેમ કે શ્રુતજ્ઞાન શબ્દમાં શ્રુત – સાંભળવું + જ્ઞાન - બોધ. સાંભળવાથી જે બોધ થાય તે શ્રુતજ્ઞાન છે. આ રીતે દરેક શબ્દના અર્થ કરવા તે સૂત્રાનુગમ છે.

નામ, સ્થાપના આદિ વિવિધ વિભાગો દ્વારા શબ્દની વિસ્તૃત વ્યાખ્યા કરવી, તે નિર્યુકત્યાનુગમ છે. તેના ત્રણ ભેદ છે. (૧) નિક્ષેપનિર્યુકત્યાનુગમ (૨) ઉપોદ્‌ઘાત નિર્યુકત્યાનુગમ અને (૩) સૂત્રસ્પર્શિકાનિર્યુકત્યાનુગમ. નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ આદિ નિક્ષેપ દ્વારા શબ્દનો ચોક્કસ અર્થ સ્થાપિત કરવો તે નિક્ષેપનિર્યુકત્યાનુગમ છે.

**ઉપોદ્‌ઘાતનિર્યુકત્યાનુગમ :** તેના ઉદ્દેશ, નિર્દેશ આદિ અનેક ભેદ છે. તે વિષયને સામાયિકના માધ્યમથી સ્પષ્ટ કર્યો છે.

**ઉદ્દેશ** - સામાન્ય રૂપે કથન કરવું, જેમ કે આવશ્યકના છ અધ્યયન છે. **નિર્દેશ** - વિશેષ નામોલ્લેખ પૂર્વક કથન કરવું, આવશ્યકના છ અધ્યયનમાં પ્રથમ અધ્યયન સામાયિક છે.

**નિર્ગમ** - વસ્તુના મૂળભૂત સ્રોત - ઉદ્‌ગમસ્થાનને નિર્ગમ કહે છે. સામાયિકનું ઉદ્‌ગમસ્થાન અર્થની અપેક્ષાએ તીર્થંકરો અને સૂત્રની અપેક્ષાએ ગણધરો છે. **ક્ષેત્ર** - ક્યા ક્ષેત્રમાં સામાયિકની ઉત્પતિ થઈ તેની વિચારણા કરવી. અઢીદ્વીપના કર્મભૂમિના આર્યક્ષેત્રમાં, પ્રભુના સમવસરણમાં સામાયિકની ઉત્પતિ થઈ છે. **કાળ** - વર્તમાન શાસનની અપેક્ષાએ વૈશાખ વદ-અગિયારસે પ્રભુના શાસનસ્થાપનાની સાથે સામાયિકની સ્થાપના થઈ. **પુરુષ** - સર્વજ્ઞપુરુષ પ્રભુ મહાવીરે અર્થરૂપ સામાયિકનું પ્રતિપાદન કર્યું છે. ગણધરોએ સૂત્રરૂપ સામાયિકનું પ્રતિપાદન કર્યું છે. **કારણ** - સામાયિકના પ્રતિપાદનનું કારણ શું ? સંયમ ભાવની શુદ્ધિ માટે સામાયિકનું પ્રતિપાદન કર્યું અથવા જિનનામ કર્મનો ક્ષય કરવા માટે ઉપદેશ આપ્યો. **લક્ષણ** - સામાયિકનું લક્ષણ શું ? તત્ત્વોની સમ્યક્ શ્રદ્ધા, તે સમ્યક્ત્વ સામાયિક છે. જીવાદિ તત્ત્વોનું સમ્યક્‌જ્ઞાન, તે શ્રુત સામાયિક છે, એક દેશથી પાપપ્રવૃત્તિથી નિવૃત્ત થવું, તે દેશવિરતિ સામાયિક છે. સર્વાંશે પાપપ્રવૃત્તિથી નિવૃત્ત થવું, તે સર્વવિરતિ સામાયિક છે. **કિમ** - સામાયિક શું છે ? દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ આત્મા સ્વયં સામાયિક છે.

પર્યાયાર્થિકનયની અપેક્ષાએ જીવનો સમભાવ રૂપ ગુણ, તે સામાયિક છે. **કયા** - સામાયિક કયારે અને કયા હોય છે ? ક્ષેત્રની અપેક્ષાએ ઊર્ધ્વલોકમાં દેવોને અને અધોલોકમાં નારકીઓને સમ્યક્ત્વ અને શ્રુતસામાયિક છે. અધોલોકની સલીલાવતી વિજયમાં તથા અઢીદ્વીપના કર્મભૂમિના આર્યક્ષેત્રમાં ચારેય સામાયિક હોય છે. કાલની અપેક્ષાએ અવસર્પિણીકાલના ત્રીજા, ચોથા અને પાંચમાં આરામાં અને ઉત્સર્પિણકાલના ત્રીજા, ચોથા આરામાં ચારેય પ્રકારની સામાયિક હોય છે. શેષ આરામાં સમ્યક્ત્ત્વ અને શ્રુત આ બે સામાયિક હોય છે. ગતિની અપેક્ષાએ મનુષ્યગતિમાં ચાર, તિર્યંચગતિમાં ત્રણ, દેવ અને નરક ગતિમાં બે સામાયિક હોય છે. ભવી જીવોમાં ચારે સામાયિક હોય. અભવી જીવોમાં સમ્યક્ત્વ સામાયિક સિવાયની ત્રણ સામાયિક હોય છે.

આ રીતે કોઈ પણ શબ્દની વિવિધ પ્રકારે વિચારણા કરીને શબ્દના અર્થની સ્પષ્ટતા કરવી તે ઉપોદ્‌ઘાત નિર્યુકત્યાનુગમ છે.

**સૂત્રસ્પર્શિક નિર્યુકત્યાનુગમ** : યથાર્થ ઉચ્ચારણપૂર્વક પ્રત્યેક સૂત્રનું ભાષણ કરવું. શબ્દના હ્‌રસ્વ, દીર્ઘ, ઉદાત્ત,

અનુદાત્ત આદિ સ્વરના લક્ષપૂર્વક બત્રીસ દોષ રહિત તેનું ઉચ્ચારણ કરવું. શબ્દની ઉચ્ચારણ શુદ્ધિ તેના ભાવને સમજવામાં સહાયક બને છે.

**અનુયોગદ્વારનું ચોથું દ્વાર - નય :**

દ્રવ્યમાં નિત્ય, અનિત્ય, સામાન્ય, વિશેષાદિ અનંત ગુણો–ધર્મો હોય છે. અનંત ધર્માત્મક વસ્તુના અનંત ધર્મોમાંથી અન્ય ધર્મોની ઉપેક્ષાપૂર્વક એક ધર્મની પ્રધાનતાથી કથન કરવાની પદ્ધતિ નય કહેવાય છે.

નયના સાત ભેદ છે, જેમ કે નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂતનય. આ સાત નયનું સ્વરૂપ પૂર્વે સ્પષ્ટ કર્યું છે. તે ઉપરાંત નયનું અનેક રીતે વિભાજન થાય છે.

(૧) **અર્થનય-શબ્દનય** - નૈગમાદિ પ્રથમ ચાર અર્થનય છે. તે વસ્તુના અર્થને કે ભાવને પ્રાધાન્ય આપે છે. શબ્દ આદિ અંતિમ ત્રણ શબ્દ નય છે. તે શબ્દ પ્રધાન છે.

(૨) **વ્યવહારનય - નિશ્ચયનય** - લોક વ્યવહારને પ્રાધાન્ય આપે, તે વ્યવહારનય અને દ્રવ્યની મૂળભૂત અવસ્થાને પ્રાધાન્ય આપે તે નિશ્ચયનય છે.

(૩) **જ્ઞાનનય-ક્રિયાનય** - જ્ઞાનનય જ્ઞાનની પ્રધાનતાને

સ્વીકારે. તેમના મતાનુસાર જ્ઞાનથી જ મોક્ષ પ્રાપ્ત થાય છે. જ્ઞાની પુરુષ સિદ્ધ થાય છે. ક્રિયાની આરાધના ગૌણ છે. ક્રિયાનય ક્રિયાની મહત્તાને સ્વીકારે છે. તેમના મતાનુસાર જ્ઞાન ગૌણ છે. જીવ જ્ઞાન માત્રથી સિદ્ધ થતાં નથી. ક્રિયાની-આચરણશુદ્ધિની મહતા છે. આ બંને નય જો અન્યનું ખંડન કરીને, પોતાના અભિપ્રાયને એકાંતે સ્વીકારે તો તે બંને મિથ્યા છે. વાસ્તવમાં જ્ઞાન અને ક્રિયા બંને એક રથના બે ચક્ર છે. રથની ગતિમાં બંને ચક્રની સમાન મહત્તા છે. તે જ રીતે મોક્ષમાર્ગમાં જ્ઞાન અને ક્રિયાની સમાન મહત્તા છે. ક્રિયા વિનાનું જ્ઞાન નિરર્થક છે અને જ્ઞાન વિનાની ક્રિયા નિષ્ફળ છે. બંનેનો સુમેળ જીવને પૂર્ણતા સુધી પહોંચાડે છે.

આ રીતે જોતાં સ્પષ્ટ થાય છે કે નયવાદ અનેકાંતદર્શનનું મૂળભૂત બીજ છે. દ્રવ્યના અનંત ગુણો–ધર્મોમાંથી એક ધર્મનું કથન હોવા છતાં વસ્તુના અન્ય અનંતધર્મોનો સ્વીકાર છે, અન્ય ધર્મનું ખંડન નથી. અન્ય દાર્શનિકોથી જૈન ધર્મની આ જ વિશેષતા છે. અન્ય ધર્મનું ખંડન કરીને એક જ ધર્મનો સ્વીકાર કરવો, તે દુર્નય છે. જૈનદર્શન દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ આત્માને નિત્ય અને

પર્યાયાર્થિક નયની અપેક્ષાએ આત્માને અનિત્ય માને છે. સંગ્રહનય અનંત આત્માને એક માને છે. વ્યવહારનય તેના ભેદ-પ્રભેદનો સ્વીકાર કરે છે. આ રીતે અપેક્ષાભેદથી આત્મા નિત્ય પણ છે, અનિત્ય પણ છે, એક પણ છે, અનેક પણ છે. સંક્ષેપમાં નયવાદની વિચારણા સર્વનો સ્વીકાર કરે છે. સર્વ સંઘોર્ષોનું સમાધાન કરે છે.

આ રીતે અનુયોગના ચાર દ્વાર ઉપક્રમ, નિક્ષેપ, અનુગમ તથા નય. આ ચાર દ્વારના માધ્યમથી કોઈ પણ શબ્દનું અર્થ સાથે અનુસંધાન થાય છે. આવશ્યક સૂત્રના પ્રથમ અધ્યયન સામાયિકના ઉપક્રમથી સામાયિક શબ્દ નિક્ષેપને યોગ્ય બને છે. નિક્ષેપથી સામાયિક શબ્દનો પ્રાસંગિક અર્થ સ્થાપિત થાય છે. અનુગમથી સામાયિક શબ્દની વિવિધ પ્રકારે વિચારણા થાય, તેના માધ્યમથી તેનું વિસ્તૃત જ્ઞાન થાય અને નય દ્વારા અનેક દષ્ટિકોણથી વ્યવહાર-નિશ્ચયથી, શબ્દ કે અર્થથી તેનું સ્વરૂપ સ્પષ્ટ થાય છે.

કોઈ પણ શબ્દના અર્થ સુધી પહોંચવા માટે અનુયોગના ચારે દ્વાર માધ્યમ બને છે. તે દ્વારમાં પ્રવેશ કરીને જ શબ્દના મૂળ સુધી પહોંચી શકાય છે તેથી જ

અનુયોગદ્વારસૂત્રને સર્વ શાસ્ત્રોને સમજવા માટેની માસ્ટર કીની ઉપમા આપી છે.

તીર્થંકરની વાણી, આગમના પ્રત્યેક સૂત્રોના અનંત અનંત ભાવો, તેના રહસ્યો સૂત્ર કથિત નય, નિક્ષેપ આદિ દ્વારા જ પામી શકાય છે. અનુયોગદ્વાર સૂત્રની ગણના ચૂલિકાસૂત્ર અથવા મૂળસૂત્રમાં થાય છે. ચૂલિકા-શિખરસ્થ. જેમ કોઈ ભવ્ય મંદિર તેના શિખરથી વધુ શોભા પામે છે. તેમ આગમરૂપ મંદિર અનુયોગદ્વાર સૂત્ર રૂપ ચૂલિકા-શિખરથી શોભા પામે છે અને મૂળ એટલે મૌલિક અથવા મૂળભૂત શાસ્ત્ર, અનુયોગ દ્વાર સૂત્ર અન્ય આગમોમાં પ્રવેશ કરવા માટે અથવા અન્ય આગમોને સમજવા માટે આધારભૂત હોવાથી તેની ગણના મૂળશાસ્ત્રમાં થાય છે. મૂળશાસ્ત્રના ચાર પ્રકારમાં નંદીસૂત્ર પછી અનુયોગ દ્વારસૂત્રની ગણના થાય છે. આ બંને શાસ્ત્રો પરસ્પર પૂરક છે.

સંક્ષેપમાં અનુયોગ-શબ્દનો અર્થ સાથે જોડાણ કરાવતા સેતુરૂપ શાસ્ત્ર પ્રત્યેક દ્વારની વ્યાખ્યાનું નિરૂપણ કરતું હોવાથી વાચકો માટે ચિંતનીય, મનનીય અને અનુપ્રેક્ષણીય છે.

# શ્રી આગમ સૂત્ર

## ❖ અંગસૂત્ર-૧૧ ❖

૧) શ્રી આચારાંગ સૂત્ર
૨) શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર
શ્રી સૂયગડાંગ સૂત્ર
૩) શ્રી સ્થાનાંગ સૂત્ર
શ્રી ઠાણાંગ સૂત્ર
૪) શ્રી સમવાયાંગ સૂત્ર
૫) શ્રી વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ સૂત્ર
શ્રી ભગવતી સૂત્ર
૬) શ્રી જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર
૭) શ્રી ઉપાસકદશાંગ સૂત્ર
૮) શ્રી અંતકૃતદશાંગ સૂત્ર
શ્રી અંતગડ સૂત્ર
૯) શ્રી અનુત્તરોપપાતિક સૂત્ર
શ્રી અનુત્તરોવવાઈ સૂત્ર
૧૦) શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર
૧૧) શ્રી વિપાક સૂત્ર

શ્રી દૃષ્ટિવાદ સૂત્ર
(ઉપલબ્ધ નથી)

## ❖ ઉપાંગસૂત્ર-૧૨ ❖

૧૨) શ્રી ઔપપાતિક સૂત્ર
શ્રી ઉવવાઈ સૂત્ર
૧૩) શ્રી રાજપ્રશ્નીય સૂત્ર
શ્રી રાયપસેણીય સૂત્ર
૧૪) શ્રી જીવાજીવાભિગમ સૂત્ર
૧૫) શ્રી પ્રજ્ઞાપના સૂત્ર
શ્રી પન્નવણા સૂત્ર
૧૬) શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૭) શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૮) શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૯) શ્રી નિરયાવલિકા સૂત્ર
૨૦) શ્રી કલ્પવતંસિકા સૂત્ર
શ્રી કપ્પવડંસિયા સૂત્ર
૨૧) શ્રી પુષ્પિકાસૂત્ર
શ્રી પુપ્ફિયા સૂત્ર
૨૨) શ્રી પુષ્પચૂલિકાસૂત્ર
શ્રી પુપ્ફચૂલિયા સૂત્ર
૨૩) શ્રી વૃષ્ણિદશા સૂત્ર
શ્રી વહ્નિદશા સૂત્ર

## ❖ મૂળસૂત્ર-૪ ❖

૨૪) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર
૨૫) શ્રી દશવૈકાલિક સૂત્ર
૨૬) શ્રી નંદી સૂત્ર
૨૭) શ્રી અનુયોગદ્વાર સૂત્ર

## ❖ છેદસૂત્ર-૪ ❖

૨૮) શ્રી નિશીથ સૂત્ર
૨૯) શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્ર
૩૦) શ્રી બૃહત્કલ્પ સૂત્ર
૩૧) શ્રી વ્યવહાર સૂત્ર

૩૨) શ્રી આવશ્યક સૂત્ર

**પ્રકાશક**

શ્રીમતી સોનલબેન યોગેશભાઈ અજમેરા શ્રીમતી પારૂલબેન કેતનભાઈ અજમેરા
શ્રીમતી સ્મિતાબેન મિલનભાઈ અજમેરા

**સૌજન્ય**

અમ આત્મશુદ્ધિના પ્રેરક, શ્રદ્ધા-ધ્યાન માર્ગના માર્ગદર્શક તથા અમ
કલ્યાણમિત્ર પૂ. પિતાશ્રી સ્વ. રસિકલાલ ચંદુલાલ અજમેરાની સ્મૃત્યર્થે
માતુશ્રી વિજયાબેન રસિકલાલ અજમેરા
સુપુત્રોઃ સ્વ. શ્રી યોગેશભાઈ રસિકલાલ અજમેરા
શ્રી કેતન રસિકલાલ અજમેરા શ્રી મિલન રસિકલાલ અજમેરા
શ્રીમતી હિના નિમેષ કોઠારી

**પ્રાપ્તિ સ્થાન**

શ્રી મિલન અજમેરા
૧૦૦૧, જુહુ અંકુર, ગુલમોહર ક્રોસ રોડ નં. ૧૦, જેવીપીડી સ્કીમ,
સુજય હોસ્પીટલની સામે, મુંબઈ - ૪૦૦ ૦૪૯. Mob.: 9322401398

શ્રી બકુલભાઈ કોઠારી
બકુલ ઓપ્ટીકલ્સ,
૨૦, ન્યૂ જાગન્નાથ મેઈન રોડ,
રાજકોટ, Mob.: 9824312269

પાવનધામ
BCCI ગ્રાઉંડ પાસે, પાવનધામ માર્ગ,
કાંદીવલી (વેસ્ટ), મુંબઈ ૪૦૦ ૦૬૭
Mob.: 93230 04544/9619596869

**પરમ પ્રિંટર્સ** – 9825193988

◆ કિંમતઃ રૂ. ૩૦૦/- ◆ શ્રુત સેવાર્થે કિંમત રૂ. ૧૦૦/-